MANOGAT • Year-39 • Issue-24 • 25 March 2021 • Fagun Sud 11, Samva 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत





૬ એપ્રિલ
ભાજપ સ્થાપના દિન

## આઝાદીનો અમૃત મહોત્સવ
## આત્મનિર્ભર ભારતનું અમૃત

## આઝાદીનો અમૃત મહોત્સવનો રાષ્ટ્રવ્યાપી ઉજવણી કાર્યક્રમનો પ્રારંભ સાબરમતી આશ્રમથી પ્રધાનમંત્રીશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો ત્યારની તસવીરો







Year : 39, Issue : 24, Pages : 28

## તંત્રીસ્થાનેથી

## નવી પેઢીને આઝાદીનું સાચું મહત્ત્વ, આઝાદી મેળવવા થયેલો સંઘર્ષ, આઝાદી માટે અપાયેલ બલિદાનો અને આઝાદીની શાશ્વતી માટેની સજ્જતાની સાચી સમજ આપવા સક્રિય બનીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી - આઝાદીનાં ૭૫ વર્ષ - અમૃત મહોત્સવ.

આ કોઈ નાનો પ્રસંગ કે ઉજવણી નથી. દેશના અસ્તિત્વનો ઉત્સવ છે.

આપણા સ્વાભિમાનનું સાચું પ્રગટીકરણ છે.

યાદ કરો એ સમય

૧૮૫૭થી સ્વાતંત્ર્યની મશાલ ગામે-ગામ જાગૃતિનો પ્રકાશ પાડવા લાગી હતી.

કેટકેટલાય નરબંકાઓએ પોતાના જીવનની બાજી દેશની આઝાદી માટે લગાવી દીધી હતી.

કેટકેટલાય શહીદો પોતાનાં અંગત સ્વપ્નોને બાજુ પર મૂકીને દેશ માટે ફાંસીના માંચડાને મા ભારતીનો ખોળો માનીને ચિર શાંતિમાં પોઢી ગયા હતા.

કેટકેટલીય માતાઓ-બહેનો એટલા માટે જ રડી હતી કે આઝાદીના સંગ્રામમાં લડવા માટે હવે ઘરમાં કોઈ દીકરો કે ભાઈ બચ્યા ન હતા !!

કેવો સમય હશે એ !

માભોમ માટે સર્વસ્વ ન્યોછાવર કરી દેવાની તમન્ના પ્રત્યેક દેશવાસીઓના દિલમાં દરિયાની જેમ દિવસ-રાત સતત ઘૂઘવતી હતી.

જેની પાસે જે હતું તે આપ્યું - કોઈએ ધન, કોઈએ મન તો કોઈએ તન.

બસ સૌનો વિચાર એક જ હતો - ભારત માતાને ગુલામીની જંજીરોથી મુક્ત કરવી.

ક્રાંતીવીરોની ગંગા અને શાંતિવીરોની જમનાનું ધ્યેય એક જ હતું - આઝાદી સાથે હિન્દુસ્તાનનો સરસ્વતી સંગમ.

અને જેની કિંમત ન આંકી શકાય એવી અમૂલ્ય આઝાદી આપણને મળી.

જેનાં ૭૫ વર્ષ થઈ રહ્યાં છે ત્યારે આવો, નવી પેઢીને આઝાદીનું સાચું મહત્ત્વ, આઝાદી મેળવવા થયેલો સંઘર્ષ, આઝાદી માટે અપાયેલ બલિદાનો અને આઝાદીની શાશ્વતી માટેની સજ્જતાની સાચી સમજ આપવા સક્રિય બનીએ.

દેશના ભવિષ્ય માટે આજના વર્તમાનને તૈયાર કરીએ.

કારણ એટલું જ કે,

કોઈએ બહુ સાચું કહ્યું છે કે, જે દેશ પાસે ઇતિહાસનું ગૌરવ નથી તેનું કોઈ ભવિષ્ય નથી હોતું.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક :
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**આઝાદીનો અમૃત મહોત્સવ આપણા માટે સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રેરણાનું અમૃત નવા વિચારો-નવા સંકલ્પો-આત્મનિર્ભર ભારતનું અમૃત બને**

# આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીથી રાષ્ટ્રના વારસારૂપી આ અમૃત ભારતની વર્તમાન પેઢીને પ્રાપ્ત થશે જેનાથી યુવાનોને દેશ માટે જીવવા-મરવાની પ્રેરણા મળશે - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી



**આઝાદીની લડતની અગણિત ઘટનાઓ, સ્વાતંત્ર્ય વીરોની ગાથાઓ યથાર્થરૂપે દેશ સામે આવી નથી ત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ વર્તમાન પેઢી સમક્ષ તે ગાથાઓને ઉજાગર કરવાનો અવસર છે**


વડાપ્રધાનશ્રીએ નરેન્દ્રભાઈ મોદીએ દેશની આઝાદીનાં ૭૫ વર્ષ – આઝાદી કા અમૃત મહોત્સવના રાષ્ટ્રવ્યાપી ઉજવણી કાર્યક્રમોનો પ્રારંભ આઝાદી આંદોલનના મુખ્ય કેન્દ્રબિંદુ એવા સાબરમતી આશ્રમથી કરાવતાં આ અમૃત મહોત્સવ ૧૩૦ કરોડ ભારતવાસીઓ માટે સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રેરણા, નવા વિચારો, નવા સંકલ્પો અને નયા ભારતના નિર્માણનું અમૃત બને તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.


વડાપ્રધાનશ્રીએ આગામી સ્વાતંત્ર્ય દિવસ ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી સમગ્ર દેશમાં ૭૫ સપ્તાહ સુધી આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોનો શુભારંભ અમદાવાદ સાબરમતી આશ્રમથી દાંડી સુધીની દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવીને કરાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંગ્રેજ શાસનના પાયામાં લૂણો લગાડનાર સ્વાતંત્ર્ય સંગ્રામની અભૂતપૂર્વ ઘટના એવી દાંડીયાત્રાના ૯ દાયકા અને દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર દેશની જનતામાં રાષ્ટ્રપ્રેમ અને જન-ચેતના ઊભી થાય તેવા ઉમદા આશયથી અમદાવાદના જગપ્રસિદ્ધ સાબરમતી આશ્રમથી રાષ્ટ્રવ્યાપી ઉજવણીની શરૂઆત કરાવી હતી.

તેમણે કહ્યું કે, આઝાદ ભારતના ઐતિહાસિક કાળખંડના આપણે સૌ સાક્ષી બની રહ્યા છીએ. દાંડીયાત્રાની વર્ષગાંઠ અને ભારતની આઝાદીના અમૃત મહોત્સવના પ્રારંભ અવસરે આપણે સૌ ઈતિહાસ બનતો જોઈ રહ્યા છીએ. વડાપ્રધાનશ્રીએ સેલ્યુલર જેલ, મુંબઈનું ઓગસ્ટ ક્રાંતિ મેદાન, જલિયાંવાલા બાગ જેવાં ઐતિહાસિક સ્થળો અને રાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર જેવા સ્વાતંત્ર્યવીરોનો ઉલ્લેખ કરી કહ્યું કે, આજના દિવસે ભારતની આઝાદીની લડતના કેટલાય પુણ્ય દિવસ, પુણ્ય આત્માઓ અને પુણ્ય તીર્થો આપણા સ્મૃતિપટ પર એકઠાં થયાં છે.

આજના દિને ભારતની આઝાદીનો ઐતિહાસિક સંઘર્ષ, ઊર્જા, બલિદાન દેશભરમાં પુનઃજાગૃત થયાં છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણોની આહુતિ આપનારા અને સ્વતંત્રતાની લડતને નેતૃત્વ આપનાર વીરોના ચરણોમાં નમન અને વંદનનો ભાવ વ્યક્ત કર્યો હતો. તેઓએ આઝાદ ભારતની રક્ષા કાજે સરહદો પર જીવનને ન્યોછાવર કરનારા શહીદ વીરો અને આઝાદ ભારતની પ્રગતિની એક-એક ઈંટ મૂકનારા અમર આગેવાનો પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.





વડાપ્રધાનશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવના પાંચ આધારસ્તંભ ફ્રીડમ, સ્ટ્રગલ, આઈડીયાઝ@૭૫, અચિવમેન્ટ@૭૫, એક્શન@૭૫ અને રીઝોલ્વ્સ@૭૫નો ઉલ્લેખ કરી કહ્યું કે, આ આધારસ્તંભો દેશને સમગ્ર ઉજવણીકાળ દરમિયાન પ્રેરણા અને પથદર્શન પૂરાં પાડશે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આપણો ભવ્ય ભૂતકાળ, અમૂલ્ય વિરાસત અને ત્યાગ બલિદાનની પરંપરા આગળ ધપાવવાથી જ દેશનું ગૌરવ ટકી શકે છે. ભારત પાસે ગર્વ કરવા માટે અખૂટ ભંડાર અને ચેતનામય સમૃદ્ધ વારસો રહેલો છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીથી રાષ્ટ્રના વારસારૂપી આ અમૃત ભારતની વર્તમાન પેઢીને પ્રાપ્ત થશે જેનાથી યુવાનોને દેશ માટે જીવવા-મરવાની પ્રેરણા મળશે.

વડાપ્રધાનશ્રીએ 'મૃત્યો મોક્ષીય મા અમૃતામ્' શ્લોકનું ગાન કરી કહ્યું કે ભારતની આઝાદીના અમૃત મહોત્સવનો આ મૂળ મંત્ર છે. આ અમૃત સ્વાધીનતાનું અમૃત, નવા વિચાર, નવા સંકલ્પનું અમૃત અને આત્મનિર્ભરતાનું અમૃત છે. તેમણે કહ્યું કે આઝાદીનો આ અમૃત મહોત્સવ રાષ્ટ્રના નવ જાગરણનો મહોત્સવ છે. ઘડવૈયાઓએ સેવેલા સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવાનો મહોત્સવ છે. વૈશ્વિક શાંતિ અને વિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો મહોત્સવ છે.

વડાપ્રધાનશ્રીએ દાંડીયાત્રાને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને વધુ વ્યાપક બનાવનારી તથા ભારતના મૂળભૂત સ્વભાવ, સંસ્કાર અને દૃષ્ટિકોણને વિશ્વ સમક્ષ ઉજાગર કરનારી યાત્રા હોવાનું કહી ઉમેર્યું કે, ભારતમાં મીઠું એટલે ઈમાનદારી, વફાદારી અને વિશ્વાસનો ભાવ, મીઠું એટલે શ્રમ અને સમાનતાનું પ્રતીક, મીઠું એટલે આત્મનિર્ભરતાનું પ્રતીક. તેમણે કહ્યું કે, મીઠા પર કર નાંખી અંગ્રેજોએ ભારતના આત્મસન્માન પર ઠેસ પહોંચાડી હતી. ગાંધીજીએ મીઠાના આ કાયદા સામે અવાજ ઉઠાવી આઝાદીની માંગના અવાજને વધુ બુલંદ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, સ્વાધીનતા સંગ્રામની દરેક ઘટના, ચળવળ પાછળ અભૂતપૂર્વ ગાથા રહેલી છે. આ સ્વાધીનતા સંગ્રામમાં રામયુગની ચેતના, શિવાજી, પ્રતાપની રાષ્ટ્રભાવનાનો ઉદ્‌ઘોષ પ્રતિબિંબિત થયેલાં છે. ૧૮૫૭નો સંગ્રામ, ગાંધીજીનુ સ્વદેશ આગમન, તિળકની સ્વરાજ્ય માંગ, ભારત છોડોનો ઉદ્‌ઘોષ જેવા અનેક પડાવોએ ભારતીયોના જનમાનસને આઝાદીની લડત માટે પ્રેર્યા હતા. આ વેળાએ વડાપ્રધાનશ્રીએ અનેકાનેક સ્વાતંત્ર્ય વીરો, રાષ્ટ્ર-ઘડવૈયાઓનો ઉલ્લેખ કરતાં સભાગૃહે તાળીઓના હર્ષનાદથી બિરદાવ્યા હતા.


વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આઝાદીની લડતની અગણિત ઘટનાઓ, સ્વાતંત્ર્ય વીરોની ગાથાઓ યથાર્થરૂપે દેશ સામે આવી નથી ત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ વર્તમાન પેઢી સમક્ષ તે ગાથાઓને ઉજાગર કરવાનો અવસર છે.

વડાપ્રધાનશ્રીએ કચ્છના શ્યામજી કૃષ્ણ વર્માની અસ્થિઓ લંડનથી પરત લાવ્યાના પ્રસંગનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશમાં રહી અંગ્રેજોના નાક નીચે બ્રિટિશ હકૂમત વિરુદ્ધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી હતી.

વડાપ્રધાનશ્રીએ 'જનની જન્મભૂમિશ્ચ, સ્વર્ગાદપિ ગરિયસી' ઉક્તિનો ઉલ્લેખ કરી ગારો, ખાસી, સંથાલ, નાગા, કુકા, ભીલ, મુંડા જેવી વિવિધ આદિજાતિઓએ જન્મભૂમિની સ્વતંત્રતા માટે અંગ્રેજો સામે કરેલા સ્વાતંત્ર્ય સંઘર્ષનો ચિતાર આપ્યો હતો. આ વેળાએ વડાપ્રધાનશ્રીએ રાણી ગાઈડીનલ્યુ, બિરસા મુંડા, મુર્મુ ભાઈઓ, અલ્લુરી સીતારામ રાજુ, માનગઢના ગોવિંદગુરુ, સંથાળો સહિતના વનવાસી ક્રાંતિવીરોનો ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ અંગ્રેજોના આગમન પૂર્વેની ભારતની સંતપરંપરાનો ઉલ્લેખ કરી કહ્યું કે, ભક્તિ આંદોલને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની પીઠિકા તૈયાર કરી હતી. તેમણે





## આઝાદીનાં ૭૫ વર્ષ બાદ સમગ્ર રાષ્ટ્ર 'લીવ ફોર ધ નેશન'ના મંત્ર સાથે વિશ્વગુરુ બનવા અગ્રેસર બન્યું છે ત્યારે પુનરાવર્તિત દાંડીયાત્રા દેશમાં જનચેતના જગાવનારી જનયાત્રા બની રહેશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી


મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે કહ્યું કે, આજે સમગ્ર દેશની નજર ગુજરાત પર છે, કારણ કે આઝાદીની લડતમાં પૂજ્ય બાપુ અને સરદાર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સમગ્ર દેશનું નેતૃત્વ કર્યું હતું. જે ભૂમિ પરથી આઝાદીના જંગનાં મંડાણ થયાં હતાં એ જ ભૂમિ પરથી આજે દેશના સ્વાતંત્ર્યનાં ૭૫ વર્ષની ઉજવણીની શરૂઆત થઈ છે તે ગુજરાત માટે ગૌરવવંતી બાબત છે. આજથી ૯૧ વર્ષ પહેલાં પૂજ્ય બાપુએ પોતાના ૭૮ સાથીઓ સાથે ઐતિહાસિક દાંડીકૂચ કરી હતી અને ૬ એપ્રિલે એક ચપટી મીઠું ઉઠાવીને મીઠાના કાયદાનો ભંગ કરી અંગ્રેજ શાસનના પાયામાં લૂણો લગાવવાની શરૂઆત કરી હતી. આજે આઝાદીનાં ૭૫ વર્ષ બાદ સમગ્ર રાષ્ટ્ર 'લીવ ફોર ધ નેશન'ના મંત્ર સાથે વિશ્વગુરુ બનવા અગ્રેસર થઈ રહ્યું છે ત્યારે પુનરાવર્તિત દાંડીયાત્રા દેશમાં જનચેતના જગાવનારી જનયાત્રા બની રહેશે. દાંડીયાત્રાની આ ચિનગારીએ સમગ્ર દેશને સ્વદેશી ભાવના પ્રત્યે જાગૃત કર્યો હતો તેમ જણાવી તેમણે કહ્યું કે, સ્વાતંત્ર્યના સંગ્રામમાં ગુજરાતનું યશસ્વી પ્રદાન રહ્યું છે. ગાંધીજીએ સમગ્ર દેશમાં જનચેતનાનું જનઆંદોલન ચલાવ્યું તો સરદાર પટેલે દેશને એક કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું. આ રીતે ગાંધીજી સ્વાતંત્ર્યના શિલ્પી જ્યારે સરદાર પટેલ અખંડ ભારતના શિલ્પી બન્યા હતા.

તેમણે કહ્યું કે, આ બંને મહાનુભાવો સિવાય ભારતની આઝાદી માટે ગણેશ વાસુદેવ માવલંકર, વિનોદ કિનારીવાલા, મગનભાઈ પટેલ, બળવંતરાય મહેતા, ઉછરંગરાય ઢેબર વગેર જેવા અનેક નામી-અનામી દેશભક્તોએ પોત-પોતાનાં ક્ષેત્રોમાં પોતાનું અનન્ય યોગદાન આપ્યું હતું જેને ગુજરાત સદૈવ યાદ રાખશે.

ગુજરાતના સહજાનંદ સ્વામી, કવિ નર્મદ, ઉમાશંકર જોષી જેવા સમાજસુધારકોએ દેશમાં સામાજિક સુધારાની શરૂઆત કરી હતી. જ્યારે રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં સૌ પ્રથમ કાપડ મિલની સ્થાપના કરીને ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસનો પાયો નાંખ્યો હતો. ગુજરાતના ક્રાંતિકારી સરદારસિંહ રાણા, શ્યામજી કૃષ્ણ વર્મા અને મેડમ ભીખાઈજી કામાએ વિદેશમાં ભારતના સ્વાતંત્ર્યની મિશાલ કાયમ કરી હતી. લીલાવતીબહેન બેન્કર, પૂર્ણિમાબહેન પકવાસા જેવી ગુજરાતની મહિલાઓ પણ તેમાં પાછળ રહી ન હતી તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અંગ્રેજોના દમન સામે આદિવાસી ક્ષેત્રમાં રૂપસિંહ નાયક અને માનગઢમાં ગોવિંદ ગુરૂએ અંગ્રેજો સામે ઝીંક ઝીલી ગુજરાતનું ખમીર બતાવ્યું હતું. આમસમાજનાં તમામ ક્ષેત્રના લોકોએ સ્વાધીનતાની લડાઈમાં આગળ પડતો ભાગ લીધો હતો. આ સ્વાતંત્ર્યવીરોના યોગદાનનું સ્મરણ કરવાનો આ અનેરો અવસર છે.

તેમણે કહ્યું કે, ગુજરાતનું સદ્ભાગ્ય છે કે આઝાદીની લડત દરમિયાન પૂજ્ય બાપુએ ગુજરાતમાં સૌથી વધુ સમય વિતાવ્યો હતો. સાબરમતી આશ્રમ આઝાદીની લડતના અનેક નિર્ણયોનો સાક્ષી રહ્યો છે તેવા સ્થળેથી આજે દેશની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણીની શરૂઆત થઈ છે તેનાથી ગુજરાતની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેરાયું છે. ગાંધીજીનું આ પ્રદાન વધુ લોકો સુધી લઈ જવા માટે ગુજરાતમાં ગાંધી ટૂરિઝમ સર્કિટ, રાજ્યમાં નેશનલ સોલ્ટ મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે તેમજ ટ્રાયબલ મ્યુઝિમ નિર્માણાધીન છે. આ ઉપરાંત ઝવેરચંદ મેઘાણી મેમોરિયલ જેવાં સ્થાનોને સરકાર દ્વારા વિકસિત કરવામાં આવી રહ્યાં છે. ગુજરાતનું સદ્ભાગ્ય છે કે ગુજરાતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સક્ષમ અને મજબૂત નેતૃત્વ મળ્યું છે. ગુજરાત ૮ ટકા જી.ડી.પી., ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો, ૪૦ પોર્ટ(બંદરો) સાથે રીન્યુએબલ એનર્જી અને રોજગારમાં દેશભરમાં અગ્રેસર છે. જે રીતે ગુજરાતે દેશની આઝાદની લડતમાં અગ્રેસર રહી નેતૃત્વ લીધું હતું તે જ રીતે ગુજરાત દેશના વિકાસનું પણ ગ્રોથ એન્જિન બની દેશનું દિશાદર્શન કરશે અને વિકાસનું કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.



કહ્યું કે, જલિયાંવાલા બાગ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, બી.આર. આંબેડકર સાથે સંકળાયેલાં સ્થાન, વનબંધુઓના સંઘર્ષને ઉજાગર કરતાં મ્યુઝિયમ જેવાં સ્થળો ભારતની સ્વાતંત્ર્ય લડત અને વીરોને ચિરસ્મરણીય બનાવે છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આઝાદ ભારતની અગણિત સફળતાઓ અન્ય દેશો માટે પ્રેરણારૂપ છે. ભારતનો વિકાસ દુનિયાના વિકાસમાં સહાયરૂપ છે. કોરોનાના કપરા કાળમાં ભારતે વેક્સિન નિર્માણમાં આત્મનિર્ભરતા દાખવી દુનિયાને ભારતની આત્મનિર્ભરતાનો પરિચય કરાવ્યો છે.

આ મહામારીના કપરા સમયમાં પણ ભારતે વસુધૈવ કુટુંબકમ્‌ના ભાવ સાથે અન્ય દેશોનું દુખ દૂર કરવાનું કાર્ય કર્યું છે. તેથી જ વિશ્વ આખું ભારત પર વિશ્વાસ મૂકી રહ્યું છે. નયા ભારતના સૂર્યોદયનું આ પ્રથમ કિરણ છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ 'એક ભારત - શ્રેષ્ઠ ભારત', 'આત્મનિર્ભર ભારત', સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા થકી ભારતને વિશ્વગુરુ બનાવવાના નિર્ધારનો પુનરુચ્ચાર કર્યો હતો. તેમણે કહ્યું કે, દરેક ભારતીય એક પગલું ભરે તો ભારત ૧૩૦ કરોડ ડગ-પગલાં આગળ જશે. સૌ સાથે મળીને વિકાસનાં તમામ લક્ષ્યો પાર પાડી શકીશું.

વડાપ્રધાનશ્રીએ આગામી ૭૫ અઠવાડિયાં દરમિયાન રચનાત્મક કાર્યક્રમો યોજવાનું સૂચન કરી આગામી ૧૫મી ઓગસ્ટ સુધીમાં આઝાદીનો આ અમૃત મહોત્સવ સર્વવ્યાપી અને સર્વસમાવેશી બને તેવી શુભકામના વ્યક્ત કરી હતી.

## આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં સરકાર આયોજક નહીં પરંતુ ભાગીદારની ભૂમિકામાં - કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી પ્રહ્‌લાદસિંહ પટેલ

કેન્દ્રીય સાંસ્કૃતિક અને પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી પ્રહ્‌લાદસિંહ પટેલે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે, સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર દેશની ૭૫ જગ્યાઓ પર ૭૫ અઠવાડિયાં સુધી ઉજવણી કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં સરકાર આયોજક નહીં પરંતુ ભાગીદારની ભૂમિકામાં હશે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેઓએ ગાંધીજીએ લૉર્ડ ઈરવિનને લખેલા પત્રોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ગુલામીકાળના અંગ્રેજ શાસનમાં ભારતને નિર્બળ અને સ્વમાન વિહીન બનાવી દીધું હતું, પરંતુ આજે ભારત સ્વમાનભેર આત્મનિર્ભર બનીને વિશ્વ સમક્ષ ઊભું છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારતની આઝાદીના શતાબ્દી વર્ષ સુધીનો રોડ-મેપ તૈયાર કરવામાં આવ્યો છે. આઝાદીના શતાબ્દી વર્ષે ભારત સામર્થ્ય અને સમૃદ્ધિથી ભરેલું હોય અને મા - ભારતીનું વૈભવગાન દુનિયાના દરેક ખૂણામાં થાય તે આપણું લક્ષ્ય છે.

કાર્યક્રમની શરૂઆતમાં દેશભરના ૨૦૦ જેટલા કલાકારો દ્વારા દેશભાવનાને ઉજાગર કરતી રંગારંગ સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. કુલ ૭૫ અઠવાડિયાંના અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન દેશમાં કોઈપણ જગ્યાએ દેશહિતાર્થે થનારા કામ અંગે ટ્વિટ કરી જાણકારી આપવામાં આવશે. આ અવસરે વિશિષ્ટ પ્રકારનો ચરખો લોન્ચ કરવામાં આવ્યો હતો. 'વોકલ ફોર લોકલ'ની થીમ પર આધારિત આ ચરખો જ્યારે પણ કોઈપણ ભારતીય દ્વારા સ્વદેશી વસ્તુ ખરીદીને ટ્વિટ કરવામાં આવશે તેમ-તેમ ચરખો એક રાઉન્ડ ફરશે. સમગ્ર ઉજવણી દરમિયાન ૭૫ કરોડ વખત ચરખો ફેરવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઉપરાંત આઝાદીના અમૃત મહોત્સવ માટે એક અલાયદી વેબસાઈટ India75.nic.inનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દેશના વિભિન્ન પ્રકારના કોટન નિર્માતા માટે આત્મનિર્ભર ભારત ઈન્ક્યુબેટરની ભૂમિકા આપવામાં આવી હતી. સાબરમતી આશ્રમ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હૃદયકુંજની મુલાકાત લઈ ગાંધીજીની છબીને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ વેળાએ નાનાં ભૂલકાંઓએ ગાંધીજીને પ્રિય એવાં ભજનોનું મધુર કંઠે ગાન કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ ગાંધી આશ્રમની મુલાકાત બાદ આશ્રમની વિઝિટર્સ બુકમાં પ્રતિભાવ લખ્યો હતો.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ઉપક્રમે દશ્ય-શ્રાવ્ય ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ દેશના વિખ્યાત ગીતકાર ઝુબીન નોટીયાલ દ્વારા 'તુઝ સે હી તો ઝીંદા હૂં ઓ મેરે હિન્દુસ્તાન' ગીત લાઈવ રજૂ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ કાર્યક્રમ સ્થળે પધારી ચિત્રકાર છગનલાલ જાદવ દ્વારા દાંડીયાત્રા પરના સ્કેચ તથા વિવિધ સ્મૃતિચિત્રોનું પ્રદર્શન નિહાળ્યું હતું.



## ૬ઠ્ઠી એપ્રિલ : ભાજપ ૪૨મો સ્થાપના દિન

# પ્રખર વિચાર - પ્રબળ રાષ્ટ્ર - પરમ વિકાસ

### ભાજપનો જન્મ

૨૧ ઓક્ટોબર ૧૯૫૧ના રોજ ડો. શ્યામાપ્રસાદ મુખરજીના નેતૃત્વમાં 'અખીલ ભારતીય જનસંઘ' નામથી રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા રાજકીય પક્ષની રચના થયેલી. દેશભરમાં જનસંઘ એક મજબૂત વિપક્ષ તરીકે ઊભરી રહ્યો હતો. ૨૬ જૂન ૧૯૭૫ના રોજ ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા ટકાવવા દેશમાં કટોકટી લાદી દીધી હતી. કટોકટીના ૨૧ મહિના બાદ ૧૯૭૭માં સામાન્ય ચૂંટણીની ઘોષણા થઈ ત્યારે ઈન્દિરા ગાંધીની તાનાશાહી અને અત્યાચારોથી દેશને મુક્ત કરાવવા માટે દેશનાં તમામ વિરોધીદળોએ એકજૂથ થઈ લડવાનું નક્કી કર્યું અને જનતા મોરચાની રચના કરી. દેશહિત માટે ભારતીય જનસંઘે પણ જનતા મોરચામાં વિલીન થવાનો નિર્ણય લીધો.


લોકશાહીની હત્યા સમાન કટોકટી બાદ ૧૯૭૭માં દેશમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં કોંગ્રેસની કારમી હાર થઈ અને દેશમાં આઝાદી બાદ પહેલીવાર બિનકોંગ્રેસી જનતા પાર્ટીની સરકાર આવી. દેશના પાંચ પક્ષો, જનસંઘ ઉપરાંત કોંગ્રેસ (ઓ), લોકદળ, સોશ્યાલિસ્ટ અને જગજીવનરામની સી.એફ.ડી. નવનિર્મિત જનતા પાર્ટીમાં વિલય થયો. જનતા પાર્ટીને ચૂંટણીઓમાં ૨૯૮ બેઠકો પ્રાપ્ત થઈ હતી, જેમાં જનસંઘ પ્રેરિત ૯૩ બેઠકો હતી.

નવનિર્મિત જનતા પાર્ટીનું પોતાનું કોઈ સંગઠનાત્મક માળખું હતું નહીં. તેના માત્ર થોડા રાષ્ટ્રીય સ્તરના નેતાઓ જ હતા, પરંતુ જનસંઘ પાસે પોતાના કર્મઠ કાર્યકરોની મોટી ફોજ હતી. દેશના મોટાભાગના વિસ્તારોમાં તેમના શિસ્તબદ્ધ કાર્યકર્તાઓ પથરાયેલા હતા. જ્યારે જનતા પાર્ટીમાં થોડા અતિ મહત્ત્વાકાંક્ષી રાજનેતાઓ જ હતા. આ નેતાઓને ડર હતો કે જનસંઘના આગેવાનો જલદી જનતા પાર્ટી પર પ્રભુત્વ સ્થાપિત કરી લેશે. જ્યારે જનતા પાર્ટીમાં સભ્ય નોંધણી અભિયાન શરૂ કરવા અને સંગઠનની ચૂંટણી કરવાની વાત આવી ત્યારે તેઓની આ માનસિકતા છતી થઈ. તેઓએ 'બેવડા સભ્યપદ'નો ખોટો મુદ્દો ઉપસ્થિત કરી ચગાવ્યો. બેવડા સભ્યપદનો મુદ્દો જનતા પાર્ટીના મહામંત્રી મધુલિમયેએ ઊભો કરી કહ્યું કે, જનતા પાર્ટીના સભ્ય રા.સ્વ.સંઘનો સભ્ય નહીં બની શકે. જનસંઘના આગેવાનો અટલજી, અડવાણીજી, નાનાજીએ આ વાતનો સખ્ત વિરોધ કર્યો. તેઓએ કહ્યું કે અમો બચપનથી સંઘના સ્વયંસેવક છીએ. અમારું જીવન જ સંઘ સમર્પિત છે. જનતા પાર્ટી તો થોડા મહિનાઓથી જ બની છે. બેવડા સભ્યપદના મુદ્દે દેશભરમાંથી જનસંઘના કાર્યકર્તાઓએ વિરોધનો સૂર ઉઠાવ્યો. અંતે 'બેવડા સભ્યપદ'ના મુદ્દે જનતા પાર્ટીમાંથી જનસંઘ ઘટક છૂટું પડ્યું.

### ૬ઠ્ઠી એપ્રિલ : ૧૯૮૦ ભાજપની સ્થાપના

૫-૬ એપ્રિલ, ૧૯૮૦ના બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન દિલ્હીના ફિરોજશાહ કોટલા મેદાનમાં ૩૫૦૦થી વધુ પ્રતિનિધિઓ સાથે યોજાયું. ૬ એપ્રિલે દેશમાં એક નવા રાજનૈતિક દળ 'ભારતીય જનતા પાર્ટી'નો ઉદય થયો. શ્રી અટલ બિહારી વાજપેયીજી પાર્ટીના સ્થાપક અધ્યક્ષ ચૂંટાયા. શ્રી અડવાણીજી, શ્રી સિકંદર બખ્ત અને સૂરજભાનની મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી.

• હેમત ગોહિલ, જામનગર



## ભાજપનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન

૨૮ ડિસેમ્બર, ૧૯૮૦ બાન્દ્રા પાસે સાગરતટ પાસે માનવમેદની ઊમટી પડી હતી. ત્યાં હંગામી ધોરણે સ્થાપિત સમતાનગરમાં ૬ઠ્ઠી એપ્રિલમાં જન્મેલા નવજાત રાજકીય પક્ષ ભારતીય જનતા પાર્ટીનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહ્યું હતું. તેના વિશિષ્ટ અને ભવ્ય મંચ હતા. વાજપેયીજીના અતિ ગંભીર વાણીમાં રાષ્ટ્રવાદી આહ્વાનને કાર્યકરોએ ટેકો આપ્યો. તેમણે સવા કલાક પ્રવચન કર્યું, જેમાં ૨૨ વખત તાળીઓ પડી હતી. તેમાં અગત્યનો હતો વાતાવરણ વ્યાપ્ત સંકલ્પ. ગમે તે થાય, ગમે તે કિંમત ચૂકવવી પડે, પણ ભાજપ રાષ્ટ્રસુરક્ષા, સંસ્કૃતિ અને સમાજ આ માટે કોઈ બાંધછોડ નહીં કરે એવું નક્કી થયું.

જનતા પાર્ટી છોડી નવો પક્ષ બનાવવાનો નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો હતો, કારણ કે પાર્ટીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેના દ્વારા પ્રસરેલ વિચારધારાને કયારેય નહીં છોડવાનો નિર્ણય લીધો હતો. આ વિચારધારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની હતી. તેમની આ વિધારધારાની અભિવ્યક્તિ ૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના સ્વરૂપે થઈ. કટોકટીમાં ૧૯ માસ જેલમાં સહન કર્યા બાદ ભારતીય લોકતાંત્રિક પક્ષોએ જનતા પાર્ટી બનાવી. જનસંઘનો તેમાં વિલય થયો. જનતા પાર્ટીએ ૧૯૭૭ની ચૂંટણીમાં ઇન્દિરાજીની તાનાશાહીને હટાવી મોરારજી દેસાઈના નેતૃત્વમાં સરકાર બની, પણ અઢી જ વર્ષમાં આ પ્રયોગ સમાજવાદી વૈચારિક અસ્પૃશ્યતા અને આંતરિક જૂથબંધીને કારણે હચમચી ઊઠી. એકમો છૂટા પડ્યા. મધુ લિમયે દ્વારા પૂર્વ જનસંઘના સભ્યોના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથેના સંબંધો અંગે બેવડા સભ્યપદની વાત કરી અને જનતા પાર્ટી તૂટી ગઈ. કમળના પ્રતીક સાથે ભાજપનો ઉદય થયો.

## રચનાત્મક આંદોલનો દ્વારા જનજાગૃતિ

રાષ્ટ્રભરમાં ભાજપાની વૃદ્ધિની દૃષ્ટિએ પોષક એવું વાતાવરણ તૈયાર કરવા માટે કાર્યક્રમોનો મહત્ત્વપૂર્ણ ઉપયોગ થાય છે. કાર્યક્ષેત્ર વધારવા માટે, આત્મનિરીક્ષણ કરવા માટે તેમજ લોકમાનસમાં પક્ષનો પ્રભાવ વધારવાની દૃષ્ટિથી અત્યંત મહત્ત્વપૂર્ણ હોવાને કારણે આ કાર્યક્રમો વધુ ને વધુ ઉત્સાહથી વિસ્તૃત અને પ્રભાવી સ્વરૂપમાં યોજી શકાય.

### વિચારધારાને મહત્ત્વ

- સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારા
- રાષ્ટ્ર સમક્ષ એક સ્પષ્ટ નીતિ, અડીખમ સંકલ્પો
- લોકતંત્રના મજબૂતીકરણ માટે પ્રતિબદ્ધ
- દેશની મુખ્ય સમસ્યાઓના સમાધાન માટે વિશેષ વિચારો
- સમરસતાના હિમાયતી
- રાજકીય ક્ષેત્રના માધ્યમ દ્વારા સામાજિક ક્ષેત્રનાં સેવાકાર્યો
- રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશપ્રેમની વિચારધારાને પ્રાધાન્ય

જનસંઘથી લઈને ભાજપા સુધી પક્ષના વિકાસમાં કાર્યકર્તાઓએ ચલાવેલ આંદોલનો અને કાર્યક્રમોનો મોટો ફાળો રહ્યો છે. પાર્ટીએ કરેલાં આંદોલનોથી જનમાનસમાં પાર્ટી એની પહેચાન બનાવી શકી છે. ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ કાશ્મીર પ્રશ્ને ૧૯૫૨માં રાષ્ટ્રવ્યાપી આંદોલન ચલાવેલ. લોકોએ પણ આ આંદોલન પ્રત્યે જબ્બર સાથ-સહકાર આપેલ. કાશ્મીર પ્રશ્ને જનસંઘે ૧૪ ડિસેમ્બર, ૧૯૫૨ના રોજ ભારત બંધનું એલાન આપેલ. કાશ્મીર મુદ્દે જ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને શહાદત વહોરવી પડેલ.

અયોધ્યા આંદોલન પણ આઝાદી પછીનું સૌથી વિરાટ આંદોલન હતું. એમાં સહભાગી થવાનો ભાજપને ગર્વ છે. દેશમાં જયારે જયારે કોંગ્રેસ શાસનમાં આવી છે ત્યારે સાથે મોંઘવારી લાવી છે. ૧૯૬૫માં મોંઘવારી વિરુદ્ધ આંદોલન ચલાવેલ અને ૨૦૦૭-૨૦૦૮માં પણ મોંઘવારી વિરુદ્ધ જબ્બર આંદોલન ચલાવેલ. ૧૯૭૪માં નવનિર્માણ આંદોલન, ૧૯૭૫માં કટોકટીના સમયમાં કાર્યકર્તાઓએ ગજબનો સત્યાગ્રહ ચલાવ્યો. સંઘ અને જનસંઘના હજારો કાર્યકર્તાઓ જેલમાં ગયા. કટોકટી દરમ્યાન ગુજરાત લોકશાહીનો બેટ બની ગયું. કટોકટી વિરુદ્ધની તમામ લડતની ગુજરાત ભૂમિ બની રહી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર કટોકટી સમય દરમ્યાન ભૂગર્ભમાં રહી સફળ રીતે સત્યાગ્રહને ચલાવી અપ્રતિમ સત્યાગ્રહીનાં દર્શન કરાવ્યાં. ૧૯૮૬માં રામમંદિરનું તાળું ખૂલતાં રામજન્મભૂમિ આંદોલન શરૂ થયું. વિ.હિ.પ. દ્વારા યોજાયેલ આ આંદોલનમાં ભાજપે ખુલ્લી રીતે ટેકો આપ્યો. માન.



શ્રી અડવાણીજી રામરથ લઈ કારસેવા કરવા ગયા, જેમની બિહારમાં ધરપકડ કરવામાં આવી. આ આંદોલનનું લક્ષ્ય સેક્યુલારિઝમની ખોટી સંકલ્પનાના આધારે હિંદુ અસ્મિતાને કલંકિત કરવાના અભિયાનનો વિરોધ કરવાનું અને અયોધ્યામાં ભવ્ય રામમંદિર બાંધવાનું હતું.

## ગુજરાતમાં ભાજપા સરકાર

સન ૧૯૯૦માં ભાજપાને ૬૭ સીટો મળતાં શ્રી ચીમનભાઈ પટેલની જનતાદળ સાથે ગઠબંધનની સરકારમાં ભાગીદારી કરી ત્યારે ભાજપને ૨૭ ટકા મતો મળેલા. ત્યાર પછીની ૧૯૯૫ની રાજયની ચૂંટણીમાં ભાજપને ૧૨૧ બેઠકો મળતાં શ્રી કેશુભાઈ પટેલના મુખ્યમંત્રી પદ હેઠળ રાજયમાં ભાજપે શાસનની ધુરા સંભાળી હતી. શ્રી કેશુભાઈ પટેલના શાસનકાળમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી હતી. આ પાંચ વર્ષો દરમિયાન જ ગુજરાતમાં સતત ત્રણ વર્ષ અછતનાં, એક ભયંકર વાવાઝોડું અને સૌથી મોટો કચ્છનો ભૂકંપ આવેલ પરંતુ ભાજપા શાસનના શ્રેષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટને કારણે રાજય ઝડપભેર ઊભું થઈ ગયું.

શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળના ભાજપા શાસનનાં મહત્ત્વનાંસીમાચિહ્ન રૂપ કાર્યો :

(૧) ૧૪મી માર્ચ ૧૯૯૫એ પહેલીવાર ગુજરાતની ધુરા સંભાળનાર શ્રી કેશુભાઈ પટેલે ગુજરાત વિધાનસભામાં નર્મદા યોજના અંગે પોતે ઠરાવ મૂક્યો હતો, જે ૩૧-૦૩-૧૯૯૫એ વિધાનસભાએ સર્વાનુમતે પસાર કરી ઈતિહાસ રચ્યો હતો.

(૨) ગુજરાતમાં સતત બીજા વર્ષે અછતની વિકટ કુદરતી આપત્તિના પડકારને પહોંચી વળવા શ્રી કેશુભાઈ પટેલની કેન્દ્ર સરકારમાં રૂા. ૩૦૦ કરોડની તાત્કાલિક રકમની માંગણીનો સ્વીકાર થયો. ઉપરાંત સરકારને મળવાપાત્ર રોયલ્ટીના હિસ્સામાંથી ૨૮૦ કરોડ એડ્વાન્સ પેટે માંગણી કરતાં તે પણ મંજૂર થયા. આમ ગુજરાતને અછતની પરિસ્થિતિમાં કેશુભાઈના સફળ નેતૃત્વના કારણે ઘણી રાહત મળી.


(૩) શ્રી કેશુભાઈ પટેલ સરકારની સૌથી આકર્ષક યોજના ગોકુળગ્રામ યોજના હતી. રાજયનું પ્રત્યેક ગામ સુવિધાયુક્ત, સુંદર, સ્વચ્છ અને ગોકુળિયું બને તે દિશામાં સરકારે સઘન કામગીરી આરંભી હતી.

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી પદ હેઠળ ગુજરાત વિકાસનો સુવર્ણકાળ

તા. ૦૭-૧૦-૨૦૦૧થી ગુજરાત રાજયમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો. તેઓ સતત મે-૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી પદે બિરાજમાન રહ્યા. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત ભાજપા શાસનકાળમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી તેની આછેરી ઝલક જયોતિગ્રામ, રસ્તાઓનું નિર્માણ, નર્મદા ડેમ કેનાલ, ચેકડેમો, સુજલામ્ - સુફલામ્, ખેત તલાવડી - બોરીબંધ, યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી – ચિલ્ડ્રન યુનિવર્સિટી – રક્ષાશક્તિ યુનિવર્સિટી – કામધેનુ યુનિવર્સિટી, ડ્રોપ આઉટ રેશિયો, કન્યા કેળવણી, ચિરંજીવી યોજના, ૧૦૮ આરોગ્ય સેવા, ઈ-ધરા, ઈ-ગ્રામ, નિર્મલગ્રામ એવોર્ડ, સ્વાગત ઓન લાઈન, જીસ્વાન, બીઆરટીએસ, સોલાર પાર્ક, ગેસ, સાબરમતી રીવરફ્રન્ટ, ગેસગ્રીડ, એનિમલ હોસ્ટેલ, રૂની નિકાસ, ગુટકામુક્તિ, બેટી વધાવો, સેઝ, શાળા પ્રવેશોત્સવ - ગુણોત્સવ, નિઃશુલ્ક બસ મુસાફરી, રોજગારી વિ. યોજનાઓ દ્વારા ગુજરાતનો સર્વાંગી વિકાસ કરેલ છે.

## શ્રી અટલજીના એન.ડી.એ.ના શાસનની સિદ્ધિઓ

અગિયારમી લોકસભાની ચૂંટણી પછી ૧૬ મે, ૧૯૯૬ના દિવસે અટલજીએ પહેલીવાર ભારતના પ્રધાનમંત્રી પદના શપથ લીધા. આ કાર્યકાળ માત્ર તેર દિવસનો રહ્યો. બારમી લોકસભામાં માર્ચ ૧૯૯૮માં તેઓ ફરી વડાપ્રધાન પદે આરૂઢ થયા. આ વખતનો અટલજીનો કાર્યકાળ તેર મહિનાનો રહ્યો. તે પછી ઓકટોબર ૧૯૯૯માં તેરમી લોકસભામાં તેઓ ત્રીજી વાર વડાપ્રધાન પદે બિરાજયા. ભાજપા પ્રેરિત ૨૪ જેટલા પક્ષોના બનેલા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચાની (એનડીએ) સરકારને, અટલજીએ સફળ નેતૃત્વ પૂરું પાડયું. દેશની રાજનીતિમાં મોરચા સરકારની નવીનતમ વિભાવના દેશને અટલજીની ભેટ છે. જે કોંગ્રેસે ૪૦ વર્ષના તેમના શાસનમાં વિકાસનાં કાર્યો ન કરી બતાવ્યાં તે વિકાસનાં કાર્યો અટલજીના નેતૃત્વમાં એનડીએ શાસને માત્ર સાડા ચાર વર્ષના શાસનમાં કરી બતાવ્યાં.



## અટલજીના શાસનકાળના અટલ નિર્ણયો

**પરમાણુ પરીક્ષણ**

૧૯૯૮માં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી. તેમણે પરમાણુ અખતરો કરવાનો નિર્ણય લીધો તે વખતે અમેરિકી ગુપ્તચર એજન્સી સી.આઈ.એ. પોખરણ ઉપર સેટેલાઈટથી વોચ રાખતી હતી. ભારતે અમેરિકા સેટેલાઈટથી બચીને સફળ પરમાણુ પરીક્ષણ કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ પણ આ પરીક્ષણ ટીમનો મહત્ત્વનો ભાગ હતા.

**સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના**

અટલ સરકારે ૧૯૯૯માં સ્વર્ણિમ ચતુર્ભુજ યોજનાની શરૂઆત કરી જેનું કામ ૨૦૦૧માં શરૂ કરવામાં આવ્યું. આ યોજનાનો ઉદ્દેશ દેશનાં ચાર મોટાં શહેરો દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતાને હાઈવે નેટવર્ક દ્વારા જોડવાં. આ યોજનાને ૨૦૦૬માં પૂર્ણ કરવાની હતી. પણ તેને ૬ વર્ષના વિલંબ બાદ ૨૦૧૨માં પૂરી કરવામાં આવી. આ યોજના હેઠળ ચાર શહેરોને જોડવા માટે ૫,૮૪૬ કિ.મી. લાંબો રસ્તો બનાવાયો.

**દિલ્હીથી લાહોર સુધી બસસેવા શરૂ કરી**

અટલજી જયારે દેશના વડા પ્રધાન બન્યા તો તેમણે દિલ્હીથી લાહોર સુધી બસસેવા શરૂ કરી જેને સદા-એ-સરહદ નામ આપ્યું. આ સેવાનું ઉદ્‌ઘાટન કરીને તેઓ જાતે જ બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા હતા. ૨૦૦૧માં સંસદ ઉપર થયેલા હુમલા બાદ આ સેવા બંધ કરવામાં આવી હતી. ૨૦૦૩માં આ સેવાને ફરીથી શરૂ કરવામાં આવી હતી.

**૧૪ વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણનો અધિકાર**

અટલ સરકારમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત કરવામાં આવી. ૨૦૦૧માં આ યોજના શરૂ કરવામાં આવી હતી. જેના હેઠળ ૬થી ૧૪ વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, તે ઉપરાંત તેને મૌલિક અધિકાર બનાવવામાં આવ્યો હતો.

**ચંદ્ર ઉપર ભારતની હાજરી નોંધાવી**

૧૫ ઓગસ્ટ ૨૦૦૩ના દિવસે લાલ કિલ્લા ઉપરથી દેશને સંબોધિત કરવા દરમિયાન અટલ બિહારી વાજપેયીએ ચંદ્રયાન-૧ની જાહેરાત કરી હતી. ૨૨ ઓકટોબર ૨૦૦૮ના રોજ શ્રી હરિકોટા ખાતેથી તેને લોન્ચ કરવામાં આવ્યું હતું. તેનું કામ ચંદ્રની પરિક્રમા કરવાનું હતું અને તેના વિશે માહિતી ભેગી કરવાનું હતું.

### વિશાળ સંગઠન

- વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી
- નિયમો મુજબ સંગઠનની આંતરિક ચૂંટણીઓ કરનાર દેશનો એક માત્ર રાજકીય પક્ષ
- રાષ્ટ્રીય કક્ષાએથી તાલુકાકક્ષા સુધી કાર્યરત કાર્યકર્તાઓ
- મૂલ્યો અને વિચારધારાને વરેલો પક્ષ હોવાથી લોકો હોંશે-હોંશે પક્ષમાં જોડાય છે
- દરેક ક્ષેત્રના કાર્યકર્તાઓ પક્ષમાં કાર્યરત. ખેડૂતો, વ્યાપારીઓ, મજદૂરો, ડૉક્ટરો, વકીલો, ઉદ્યોગપતિઓ, મહિલાઓ તથા વિવિધ ક્ષેત્રના બુદ્ધિજીવીઓ પક્ષમાં સક્રિય

**કારગિલ યુદ્ધમાં વિજય**

પાક.ના તત્કાલીન સેના પ્રમુખ જનરલ પરવેઝ મુશરફે ભારત અને પાકિસ્તાન વચ્ચે બનેલી એલઓસી પાર કરીને ભારતીય જમીન ઉપર કબજો જમાવ્યો હતો. તેને કારણે બંને દેશો વચ્ચે યુદ્ધ થયું. આ લડાઈમાં ભારતને ઘણું નુકસાન થયું અને ભારતના ૫૨૭ જવાનો શહીદ થયા પણ ૨૬ જુલાઈ ૧૯૯૯માં ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાને હરાવીને કારગિલ યુદ્ધ જીતી લીધું હતું.

**ખાનગીકરણ**

અટલ સરકારે ધંધા-રોજગારમાં અને ઉદ્યોગોમાં સરકારની દખલ ઓછી કરવા માટે ખાનગીકરણને પ્રોત્સાહન આપ્યું હતું. તેનું પરિણામ એ આવ્યું કે તેમની સરકારે એક અલગ વિનિવેશ મંત્રાલયની રચના કરી હતી.


### સુશાસન અને વિકાસ માટે પ્રજાએ શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ ભાજપને જંગી બહુમતીથી શાસન સોંપ્યું

- ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભારતની પ્રજાએ ૨૫ વર્ષો બાદ કોઈ એક પક્ષને પૂર્ણ બહુમતી આપી. ભાજપને ૨૮૩ બેઠકો પ્રાપ્ત થઈ.
- પ્રજાએ પારદર્શકતા, ઝડપી વિકાસ, સુશાસન અને



નિર્ણાયક પરિવર્તન માટે મૂલ્ય અને વિચારધારાને વરેલા પક્ષ ભાજપને અને તેના સમર્થને શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ મૂકી ચૂંટ્યા.

- ૨૦૧૪ અને ત્યાર બાદ ફરી ૨૦૧૯માં પ્રજાએ ભાજપને જંગી બહુમતી આપી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપની સરકારે સર્વસમાવેશી વિકાસ તમામ ક્ષેત્રોમાં સાધ્યો છે. સરકારની કાર્યોની અગણિત સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓ છે. આજે આપણે તેની આછેરી ઝલક નિહાળીએ.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી કેબિનેટની પ્રથમ બેઠકમાં જ કર્તવ્યની ભૂમિકામાં આવી ગયા. બધા પ્રધાનોને સુશાસન માટે ૧૦ મંત્ર આપ્યા અને આગામી ૧૦૦ દિવસનો એજન્ડા પણ માગી લીધો.
- ‘મિનિમમ ગવર્નમેન્ટ અને મેકિસમમ ગવર્નન્સના ધ્યેય સાથે કામ કરવાનું નક્કી કર્યું.
- અધિકારીગણને કામની આઝાદી અને નવા વિચારોને પ્રોત્સાહન.
- શિક્ષણ, આરોગ્ય, પાણી, ઊર્જા, રસ્તાઓ ઉપરના કામ માટે ભાર મુકાયો.
- આર્થિક ચિંતા દૂર કરવા ઉપર ભાર અને મોંઘવારી દૂર કરવા અને કિંમતો ઘટાડવાના પ્રયાસો તેજ કરાયા.
- ભાજપા સરકાર ગરીબો, ખેડૂતો અને મજદૂરોની સરકાર છે. દસ મહિનાથી ઓછા સમયમાં ૧૨ કરોડથી વધુ ગરીબ પરિવારોનાં બેંક ખાતાં આપણી સરકારે ખોલ્યાં છે.
- રસોઈ માટેના ગેસમાં અપાતી સરકારી સબસિડીને સાડા આઠ કરોડ પરિવારનાં બેંક ખાતાંમાં સીધા જ જમા કરવાની પ્રક્રિયાએ દુનિયામાં સૌથી મોટો નાણાંકીય હસ્તાંતરનો કાર્યક્રમ. સબસિડીના માધ્યમથી ચાલતા ગોટાળા અને હેરાફેરીને રોકવાનું ઐતિહાસિક પગલું.
- આ ‘પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના’ અંતર્ગત વીમામાં દુર્ઘટના પ્રેરિત સ્થાયી વિકલાંગતા પણ સામેલ કરવામાં આવી છે.
- ભાજપા સરકારે વર્ષમાં માત્ર ૧૨ રૂપિયામાં એટલે કે મહિનામાં માત્ર ૧ રૂપિયામાં ૨,૦૦,૦૦૦ રૂપિયાનો દુર્ઘટના વીમો દેશના સૌ કોઈ નાગરિક કે જેમની ઉંમર ૧૮ વર્ષથી ૭૦ વર્ષ સુધીની હોય તેઓને સુરક્ષા-કવચ આપી દીધું.
- ભાજપા સરકારે અન્ય એક યોજના કે જે ‘પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના’ તરીકે પ્રચલિત છે, તેમાં સર્વ બચત બેંકધારકો કે જેમની ઉંમત ૧૮થી ૫૦ વર્ષની છે, તેઓએ વર્ષમાં માત્ર ૩૩૦ રૂપિયા પ્રીમિયમ ભરવાનું રહેશે અને તેઓનો રૂા.૨,૦૦,૦૦૦ રૂપિયાનો જીવન વીમો ઊતરી જશે.
- ભાજપા સરકારે કિસાન કલ્યાણ અંગે પણ ઘણું કાર્ય કર્યું છે. વિશ્વ વ્યાપાર સંગઠન (ડબલ્યુ.ટી.ઓ.) સાથે લડાઈ લડી ભારતના ખેડૂતોનાં હિતોનું રક્ષણ કર્યું છે.
- ભાજપા સરકારે સોઈલ હેલ્થ કાર્ડ અને પ્રધાનમંત્રી સિંચાઈ યોજનાઓ પણ શરૂ કરી.
- ભાજપા સરકારે મજદૂરો માટે પણ કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે.
- આદિવાસી વિસ્તારના ભાઈઓ માટે વનબંધુ યોજના શરૂ કરવામાં આવી.
- ‘બેટી બચાવો, દેશ બચાવો’ સૂત્રને સાર્થક કરવા સુકન્યા સમૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવી.
- સ્વરોજગારને વધારવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે મુદ્રા બેંક યોજના શરૂ કરી છે. કોઈ યુવક પોતાનો નાનકડો ધંધો શરૂ કરવા ચાહશે તો તે પાંચ હજારથી લઈને દસ લાખ રૂપિયા સુધીની લોન લઈ શકશે.
- અટલ પેન્શન યોજના અંતર્ગત ખેડૂતો, મજદૂરો અને ગરીબોને પણ પેન્શન યોજનાનો લાભ મળશે.
- ભાજપા સરકારે ‘જીવન પ્રમાણ યોજના’ શરૂ કરી. બચત યોજનાઓમાં દાવા વગરના પડેલા પૈસાનો ઉપયોગ વરિષ્ઠ નાગરિકોને નાણાંકીય મદદ આપવા માટે કરવાની જાહેરાત કરી.
- હિન્દુઓની આસ્થાનું પ્રતીક ગંગામાતાના શુદ્ધીકરણ માટે ભાજપ સરકારે અલગ મંત્રાલય બનાવ્યું.
- ભાજપા સરકારની સૌથી ઊડીને આંખે વળગે એવી નીતિ કોઈ રહી હોય તે તે વિદેશનીતિ બની રહી છે.



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અમેરિકા, જાપાન તથા ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન ભવ્ય સ્વાગતથી દુનિયાભરમાં ભારતીયોનું મસ્તક ગર્વથી ઊંચું થયું છે.

- બાંગ્લાદેશ સાથેના ૪૧ વર્ષ જૂના સરહદના વિવાદનો ઉકેલ.
- કોંગ્રેસના કુ-શાસનમાં મોંઘવારીથી પિસાતી જનતાનો મોંઘવારીમાંથી છુટકારો કરવા ભાજપા સરકારે રાજકોષીય અને વહીવટી ઉપાયો કર્યા.
- ભ્રષ્ટાચારને ખતમ કરવા ભાજપા સરકારે ઈન્ફર્મેશન ટેકનોલોજી આધારિત પારદર્શક તંત્ર બનાવવા પર ભાર મૂકયો છે. ભ્રષ્ટાચાર દૂર કરવા માટે ઈ-ક્રાંતિ પરિયોજનાની શરૂઆત કરી છે.
- ભાજપા સરકારે ૧૦૦ નવાં સ્માર્ટ શહેરો બનાવવાનું સુંદર આયોજન ઘડી કાઢ્યું છે. ૧૦૦ શહેરો નિશ્ચિત કરાયાં છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી છે. દેશમાં આજે સ્વચ્છતા એક આંદોલન બની ગયું છે.
- સરકારે રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ ખરડો ૨૦૧૪ સંસદમાં પસાર કરી, ન્યાયિક નિમણૂકોમાં પારદર્શકતા તથા ઝડપ લાવવા પ્રયત્ન કર્યો.
- વડાપ્રધાને પ્રધાનમંત્રી સાંસદ આદર્શ ગ્રામ યોજના શરૂ કરી.
- ઘર ઘર શૌચાલયના અભિયાન હેઠળ અત્યાર સુધીમાં આશરે ૫૦ લાખ શૌચાલયો બની ગયાં છે.
- શહેરી વિસ્તારોની સાથે સાથે ગ્રામીણ વિસ્તારમાં પણ ઉદ્યોગ સાહસિકતાને મહત્ત્વ અપાયું.
- રાઈટ ટુ એજ્યુકેશન, રાઈટ ટુ ફૂડ અને સિક્યુરિટી એકટનો અસરકારક અમલ.
- દરેક યોજનાની સમયમર્યાદા નક્કી કરવા ભાર મૂકયો.
- દેશભરમાં ૨૪ કલાક વીજળી મળી રહે તે વચનને પૂર્ણ કરવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ૪૩,૦૦૦ કરોડ રૂપિયાની 'દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ' યોજનાને મંજૂરી આપી.

## કર્મઠ કાર્યકર્તાઓ



- દેશમાં જ નહિ પણ, દુનિયામાં એકમાત્ર ભાજપ જ કાર્યકર્તાઓનો પક્ષ ગણાય છે
- ભાજપની આન, બાન અને શાનનું પ્રતીક તેના કાર્યકર્તાઓ છે
- કાર્યકર્તાઓ ભાજપની મૂડી ગણાય છે
- કાર્યકર્તાઓ સક્ષમ, ત્યાગી, નિષ્ઠાવાન અને કર્તવ્યવાન છે
- કાર્યકર્તાઓની તાકાત અને તપસ્યાના કારણે પાર્ટીની તાકાત ઊભી થઈ છે
- કાર્યકર્તાઓમાં પ્રબળ પારિવારિક ભાવના છે.
- રાજનીતિમાં હોવા છતાં નિઃસ્વાર્થ ભાવે સામાજિક કાર્યોમાં સેવારત રહે છે

## મર્દાના નેતૃત્વના મર્દાનગીભર્યા નિર્ણયો

- કેન્દ્રમાં જ્યારથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર આવી છે ત્યારથી રાષ્ટ્રની સુરક્ષા, સલામતીને અગ્રીમતા આપવામાં આવી રહી છે.
- કોઈપણ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિ અને આતંકવાદીઓને નાથવા કટિબદ્ધ.
- ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં ધારા ૩૭૦ હટાવવાનું વચન આપ્યું હતું. ૭૦ વર્ષ જૂની સમસ્યા શાસનમાં આવતા ૭૦ દિવસમાં હલ કરી, ધારા ૩૭૦ દૂર કરી, જમ્મુ-કાશ્મીરને દેશના મુખ્ય પ્રવાહમાં ભેળવવાનું મહત્ત્વનું કામ કર્યું.
- કોંગ્રેસની અવળચંડાઈ વચ્ચે, ઘણા બધા વિવાદો વચ્ચે આખરે મોદી સરકારે મુસ્લિમ મહિલાઓના સ્વમાન, સલામતી અને હક્ક માટે મહત્ત્વપૂર્ણ તીન તલાક બીલ પાસ કર્યું.
- આતંકવાદ પર સિકંજો કસવા મોદી સરકારે યુ.એ.પી.એ. બિલ પાસ કર્યું. યુ.એ.પી.એ. એકટ હેઠળ માત્ર ગોળી ચલાવનાર જ આતંકવાદી નથી પણ વિચારો અને સાહિત્ય દ્વારા આતંકવાદનો પ્રચાર



**ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીઓ**

(૧) શ્રી અટલ બિહારી વાજપેયી (સ્થાપક અધ્યક્ષ) ૧૯૮૦થી ૧૯૮૬
(૨) શ્રી લાલકૃષ્ણ અડવાણી ૧૯૮૬થી ૧૯૯૦
(૩) શ્રી મુરલી મનોહર જોશી ૧૯૯૦થી ૧૯૯૨
(૪) શ્રી લાલકૃષ્ણ અડવાણી ૧૯૯૨થી ૧૯૯૮
(૫) શ્રી કુશાભાઉ ઠાકરે ૧૯૯૮થી ૨૦૦૦
(૬) શ્રી બાંગારૂ લક્ષ્મણ ૨૦૦૦થી ૨૦૦૧
(૭) શ્રી કે. જનાકૃષ્ણ મૂર્તિ ૨૦૦૧થી ૨૦૦૨
(૮) શ્રી એમ. વેંકૈયાનાયડુ ૨૦૦૨થી ૨૦૦૪
(૯) શ્રી લાલકૃષ્ણ અડવાણી ૨૦૦૪થી ૨૦૦૫
(૧૦) શ્રી રાજનાથસિંહ ૨૦૦૫થી ૨૦૦૯
(૧૧) શ્રી નીતિન ગડકરી ૨૦૦૯થી ૨૦૧૩
(૧૨) શ્રી રાજનાથસિંહ ૨૦૧૩થી ૨૦૧૪
(૧૩) શ્રી અમિતભાઈ શાહ ૨૦૧૪ થી ૨૦૨૦
(૧૪) શ્રી જે. પી. નડ્ડા જાન્યુ. ૨૦૨૦થી

**જનસંઘ - ગુજરાત પ્રદેશના અધ્યક્ષો**

(૧) શ્રી મોહનદાસ કેદારનાથ દીક્ષિત - સુરત
(૨) શ્રી હરિપ્રસાદ સંકલેવર પંડયા
(૩) શ્રી હરીસિંહ હકુભા ગોહિલ - ભાવનગર
(૪) શ્રી દેવદત્તભાઈ કીકાભાઈ – મહુવા

**ભાજપ - ગુજરાત પ્રદેશના અધ્યક્ષો**


(૧) શ્રી કેશુભાઈ પટેલ
(૨) શ્રી મકરંદભાઈ દેસાઈ
(૩) ડો. એ. કે. પટેલ
(૪) શ્રી કાશીરામ રાણા
(૫) શ્રી શંકરસિંહ વાઘેલા
(૬) શ્રી કાશીરામ રાણા
(૭) શ્રી વજુભાઈ વાળા
(૮) શ્રી રાજેન્દ્રસિંહ રાણા
(૯) શ્રી વજુભાઈ વાળા
(૧૦) શ્રી પરસોત્તમભાઈ રૂપાલા
(૧૧) શ્રી આર. સી. ફળદુ
(૧૨) શ્રી વિજયભાઈ રૂપાણી
(૧૩) શ્રી જીતુભાઈ વાઘાણી
(૧૪) શ્રી સી.આર. પાટીલ

કરનાર પણ આંતકવાદી જ છે. આ બીલ દ્વારા તેના પર પણ કાર્યવાહી ચલાવાશે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહની દૂરંદેશીથી ધી સિટિઝનશીપ એક્ટ, (સી.એ.એ.) પસાર કરાવી, એક હિંમતભર્યો અને ઐતિહાસિક નિર્ણય લીધો.
- આઝાદી બાદ પ્રથમ વખત સંરક્ષણ સુધારાના ભાગ રૂપે 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ' (સીડીએસ)ના હોદ્દા પર વરણી કરવામાં આવી.
- આર્મી, નેવી અને એરફોર્સ ત્રણેય પાંખો વચ્ચે સમન્વય ઊભો કરવા સીડીએસ વિભાગ ઊભો કરવાનું સૂચન વર્ષોથી પડતર હતું. મોદી સરકારે તાત્કાલિક નિર્ણય લઈ પ્રથમ સીડીએસ તરીકે જનરલ બિપીન રાવતની નિમણૂક કરી.

**વિચારધારા ભાજપનો પ્રાણ છે**

લોકશાહીને વરેલા દેશો માટે અને લોકશાહીની સફળતા માટે ચોક્કસ ધ્યેય સાથેના રાજકીય પક્ષો હોવા જરૂરી છે. ધ્યેય અને વિચારધારા સાથેના સાજકીય પક્ષોના અસ્તિત્વમાં જ લોકશાહી જીવંત અને સક્રિય રહી શકે. લોકશાહીને તંદુરસ્ત અને ચિરંજીવ રાખવા મૂલ્યનિષ્ઠ રાજકીય પક્ષોનું હોવું આવશ્યક અને અનિવાર્ય છે. ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી ધરાવતો દેશ છે. ભારતમાં સેંકડો રાજકીય પક્ષો છે, પણ તેમાં ધ્યેય આધારિત અને વિચારધારાને વરેલા રાજકીય પક્ષોનો અભાવ જોવા મળે છે. કોંગ્રેસ તેમને દેશનો સૌથી જૂનો અને મોટો પક્ષ ગણાવે છે. સવાસો વર્ષ જૂનો પક્ષ છે, પરંતુ પક્ષમાં માત્ર ને માત્ર નહેરુગાંધી પરિવારને જ મહત્ત્વ આપવામાં આવે છે. પક્ષમાં વંશીય નેતાઓનું જ વર્ચસ્વ છે. કોંગ્રેસને વિચારધારા સાથે કંઈ લેવા-દેવા નથી. ઢોંગી બિન સાંપ્રદાયિકતાના અંચળા હેઠળ મુસ્લિમોનું તુષ્ટીકરણ કરનાર પક્ષ જાતિવાદને પ્રોત્સાહન આપે છે. ભારતીય રાજનીતિમાં ભાજપ રાષ્ટ્રવાદી વિચારધારા અને મૂલ્યો આધારિત પક્ષ છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, રાષ્ટ્રીય સલામતી, લોકતંત્ર અને વિકાસને પ્રતિબદ્ધ એવો ભાજપ ભારતીયો માટે એક માત્ર આશાનું કિરણ બની રહ્યો છે. એકમાત્ર ભાજપમાં વિચારધારાને મહત્ત્વ, દેશવ્યાપી વિરાટ સંગઠન, મૂલ્યનિષ્ઠ રાજનેતાઓ, કર્મઠ કાર્યકર્તાઓ જોવા મળે છે.



## ભાજપનો ધબકાર કાર્યકર્તા

ભારતના હજારો રાજકીય પક્ષોમાં એકમાત્ર ભાજપ જ એવો રાજકીય પક્ષ છે જે કાર્યકરોનો પક્ષ ગણાય છે. ૨૦૦૫માં ભાજપાએ એમનું રજતજયંતી વર્ષ ઊજવ્યું. આ રજતજયંતીના વર્ષમાં માન.શ્રી અડવાણીજીએ જણાવ્યું હતું કે, ‘રજતજયંતીના ખરા નાયકો ભાજપાના કાર્યકરો જ છે.’ આ કેડર બેઈઝ પાર્ટીના કાર્યકર હોવું એ ગૌરવની વાત છે. કાર્યકર્તાઓની પક્ષ પ્રત્યેની નિષ્ઠા, પ્રતિબદ્ધતા, સમર્પણની ઉમદા ભાવના અને જાતને ભૂલીને કામ કરવાની વૃત્તિ અનેરી, આગવી અને અદ્‌ભુત છે. ભારતના દરેક રાજકીય પક્ષને કાર્યકર્તાનો પ્રશ્ન સતત સતાવે છે. દરેક પક્ષ પાસે કાર્યકર્તાઓની સંખ્યા ખૂબ ઓછી છે. એક માત્ર ભાજપ જ કાર્યકર્તાઓનો પક્ષ છે. ભાજપ પાસે કર્મઠ કાર્યકર્તાઓની સંખ્યા ખૂબ મોટી છે. ભાજપાની એક આગવી અને વિશિષ્ટ બાબત એ છે કે પક્ષમાં સૌ કોઈ પોતાની જાતને કાર્યકર્તા જ સમજે છે. પં. દીનદયાળ ઉપાધ્યાય રાષ્ટ્રીય કક્ષાએ કામ કરતા હોવા છતાં તેમણે કદી પોતાને નેતા માન્યા જ નહોતા. પોતાની જાતને તેઓ કાર્યકર્તા જ માનતા. દેશમાં જ નહિ, દુનિયામાં પણ એકમાત્ર ભાજપ કાર્યકર્તાઓનો પક્ષ ગણાય છે. ભાજપની મૂડી એમના કાર્યકર્તાઓ છે. સક્ષમ, ત્યાગી, નિષ્ઠાવાન અને કર્તવ્યવાન કાર્યકર્તાઓ ભાજપાની ઓળખ છે. કાર્યકર્તાઓની તાકાત અને તપસ્યાના કારણે પાર્ટીની તાકાત ઊભી થઈ છે. કાર્યકર્તાઓમાં પ્રબળ પારિવારિક ભાવના સૌને એક તાંતણે બાંધી રાખે છે.

## ભાજપના ધ્વજ અને ચૂંટણી ચિહ્ન કમળ વિષેની રસપ્રદ વાત

નવી રચાયેલ ભાજપા પાર્ટીએ એક નવું ચિહ્ન અને ધ્વજ પણ અપનાવ્યો. જનસંઘના ‘દીપક’નું સ્થાન ‘કમળ’એ લઈ લીધું. નવો ધ્વજ થોડો-થોડો જનતા પાર્ટી સાથે મળતો આવતો હતો. તેનો એક તૃતીયાંશ ભાગ લીલા કલરનો અને બે તૃતીયાંશ ભાગ કેસરી હતો, જેમાં કમળનું ફૂલ પણ હતું.

જનતા પાર્ટીથી અલગ થયા બાદ તેના ચૂંટણી ચિહ્ન હળધર ખેડૂતથી અલગ ચૂંટણી ચિહ્નના નિશાન સાથે ચૂંટણીમાં પ્રજા સમક્ષ જવાનું નક્કી થયું ત્યારે નવી પાર્ટી હોવાથી ભાજપ પાસે ચૂંટણી પંચ પાસે ચિહ્ન પંજીયન કરાવવાનો પૂરતો સમય ન હતો.

ચૂંટણી ચિહ્ન માટે મુખ્ય ચૂંટણી કમિશનર એસ. એલ. શકધર પાસેથી શ્રી લાલકૃષ્ણ અડવાણીજીની અધ્યક્ષતાવાળી એક ભાજપની સમિતિ રજૂઆત કરવા ગઈ. અડવાણીજીએ શકધરને વિનંતી કરી કે તેઓ અમને કમળ નિશાન આપી શકે તો સારું. શકધરે હસતાં હસતાં કહ્યું કે, તમારી વિનંતી સ્વીકારવામાં આવે છે. શકધરના ધ્યાનમાં એ વાત હતી કે, ભાજપાના અધિવેશનમાં સ્ટેજ પરના બેનરમાં ધ્વજની વચ્ચે કમળનું નિશાન હતું. કમળ નિશાન તો ચૂંટણી કમિશનરે ફાળવ્યું પણ અહીં સમસ્યા એ હતી કે, સ્વતંત્ર ઉમેદવારો માટે, ઉપલબ્ધ અન્ય નિશાનોમાં ગુલાબનું ફૂલ પણ હતું. ગુલાબ અને કમળ એકબીજાને મળતાં આવતા હતાં. પ્રજામાં ગેરસમજ થવાની શક્યતા હતી. અડવાણીજીએ આ વાત મુખ્ય ચૂંટણી કમિશનરને કરતાં શકધર સાહેબ ફરી હસતાં હસતાં બોલ્યા, ચાલો, ગુલાબનું નિશાન લિસ્ટમાંથી હટાવી લઉં છું. આમ ભાજપાનું નિશાન ‘કમળ’ રહી ગયું.

### રાજનીતિ અને સેવાકાર્યોનો સુભગ સમન્વય

- **કુદરતી આફતો સમયે આફતને અવસરમાં બદલવાની કાર્યકર્તાઓમાં ગજબની તાકાત, આફતો સમયે કાર્યકર્તાઓ દ્વારા તન, મન અને ધનથી સેવાકાર્યો**
- **સેવાકાર્યોમાં જરા પણ ભેદભાવ નહિ**
- **ભાજપા શાસનમાં વિશ્વનું શ્રેષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, આફત સમયનાં સેવાકાર્યો દુનિયાએ વખાણ્યાં છે**
- **રાજનીતિમાં કાર્યરત કાર્યકર્તાઓ નિઃસ્વાર્થ ભાવે સેવાકાર્યોમાં જોડાય છે. આવો સુભગ સમન્વય માત્ર ભાજપમાં જોવા મળે છે**

## રામમંદિર આંદોલન

હિન્દુઓની પ્રબળ આસ્થાએ ભૂમિપૂજન વખતે હજારો પવિત્ર સ્થાનોની માટી અને ૧૦૦થી વધુ પવિત્ર નદીઓનાં જળ અયોધ્યા પહોંચ્યાં અને ૫ મી ઓગસ્ટ-૨૦૨૦ના શુભ દિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, સર સંઘચાલક મા. શ્રી મોહનજી ભાગવત અને નિયંત્રિત સાધુ-સંતો, સમાજના અગ્રણીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં અયોધ્યા ખાતે શ્રી રામમંદિર નિર્માણનું ભૂમિપૂજન થયું. અયોધ્યાની



પાવનભૂમિ પરથી શ્રીરામમંદિર નિર્માણના ભૂમિપૂજન બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા પ્રવચનમાં જણાવ્યું હતું કે, 'અયોધ્યામાં આજે ઇતિહાસ રચાયો છે. વર્ષો સુધી ન્યાયાલયમાં કેસ ચાલ્યા બાદ આજે અયોધ્યામાં શ્રીરામમંદિરનો પાયો નંખાયો છે. સદીઓથી ચાલી રહેલ તૂટવા અને ઊઠવાના ક્રમથી રામજન્મભૂમિ આજે મુક્ત થઈ છે. શ્રીરામનું આ મંદિર આપણી સંસ્કૃતિનું આધુનિક પ્રતીક બનશે.

આજે આ જયઘોષ માત્ર સિયારામની નગરીમાં જ નહીં તેની ગુંજ સમગ્ર વિશ્વભરમાં ગુંજી રહી છે. મારું સૌભાગ્ય છે કે શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટે મને આમંત્રિત કર્યો અને આ ઐતિહાસિક પળનો સાક્ષી બનવાનો અવસર આપ્યો. તેના માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

શ્રી રામજન્મભૂમિ માટે અશોકજી સિંઘલે ધર્મસંસદ યોજી સંત સમાજને ચળવળ સાથે જોડ્યો. તો ૧૯૯૦માં રામ રથયાત્રા યોજીને અડવાણીએ જનતાને જોડી. ૧૯૮૦-૯૦ના દાયકામાં આ વિવાદ માત્ર કોર્ટમાં જમીનની માલિકી મેળવવા માટેનો કેસ હતો. પરંતુ ભાજપ અને વિહિપે તેને લોકભાવનામાં પરિવર્તિત કર્યો. અશોકજીના નેતૃત્વમાં વિહિપે ૧૯૮૪-૮૫ના સમયમાં અને ભાજપે ૧૯૯૦ના દાયકામાં રામજન્મભૂમિ આંદોલન શરૂ કર્યું અને તે રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રમાં આવી ગયું હતું. આ ચળવળની કલ્પના રામચંદ્ર દાસ પરમહંસ દ્વારા કરાઈ હતી. ત્યારબાદ ૧૯૯૦માં રામ રથયાત્રા કાઢી.

૨૫ સપ્ટેમ્બર, ૧૯૯૮. અયોધ્યા વિવાદમાં સુપ્રીમ કોર્ટમાં ચુકાદા બાદ આ તારીખ ફરી ચર્ચામાં આવી હતી. આ તારીખ એટલે ભારતીય જનસંઘના નેતા પં. દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતીનો દિવસ. દર વર્ષ ૨૫ સપ્ટેમ્બર હોય અને એલ.કે. અડવાણીજી સોમનાથ મહાદેવનાં દર્શને ના આવે એવું ક્યારેય બનતું નહીં. ભાજપના તત્કાલીન પ્રમુખ લાલકૃષ્ણ અડવાણીએ પણ રામ રથયાત્રા માટે આ જ દિવસ પર પસંદગી ઉતારી હતી. આ વાતને પણ આજે દાયકાઓ વીતી ગયા. અયોધ્યામાં રામમંદિર માટે આ યાત્રા હતી. ૧૨મી સપ્ટેમ્બરના રોજ રામ રથયાત્રાની જાહેરાત કરવામાં આવી હતી.


સોમનાથ અને અયોધ્યા અને સ્થળો ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં હતા. સોમનાથમાં મંદિરનું પુનઃ નિર્માણ કરાયું હતું એમ અયોધ્યામાં પણ મંદિરના પુનઃ નિર્માણની નેમ હતી. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં સોમનાથ ટ્રસ્ટની ઢબે રામમંદિરના નિર્માણ માટે ટ્રસ્ટ રચવા જણાવ્યું હતું. આમ, સોમનાથની શરૂ થયેલી યાત્રાની સોમનાથ પર પૂર્ણાહુતિ થઈ હતી. ૨૫ સપ્ટેમ્બરના રોજ શરૂ થયેલી રામ રથયાત્રા ૧૦ હજાર કિલોમીટરનો પ્રવાસ કરી ૩૦ ઓક્ટોબરે અયોધ્યા પહોંચવાની હતી. ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર થઈ યાત્રા ઉત્તરપ્રદેશના અયોધ્યા પહોંચવાની હતી. અડવાણીજી સવારે સોમનાથ પહોંચી ગયા હતા. લગભગ ૧૧ વાગે રામ રથયાત્રાનું

**જનસંઘથી ભાજપાનો સંસદીય ઇતિહાસ**

| જનસંઘ | વર્ષ | બેઠકો |
|---|---|---|
| | ૧૯૫૨ | ૩ |
| | ૧૯૫૭ | ૪ |
| | ૧૯૬૨ | ૧૪ |
| | ૧૯૬૭ | ૩૫ |
| | ૧૯૭૧ | ૨૨ |
| | ૧૯૭૭ | ૯૦ |

(૧૯૭૭માં જનસંઘનું જનતા મોરચામાં વિલીનીકરણ થઈ ગયું, પણ જનતા મોરચામાં જનસંઘ પ્રેરિત ૯૦ ઉમેદવારો વિજેતા થયા હતા.)

| ભાજપ | વર્ષ | બેઠકો |
|---|---|---|
| | ૧૯૮૦ | ૩૧ |
| | ૧૯૮૪ | ૨ |
| | ૧૯૮૯ | ૯૬ |
| | ૧૯૯૧ | ૧૨૭ |
| | ૧૯૯૬ | ૧૬૧ |
| | ૧૯૯૮ | ૧૮૨ |
| | ૧૯૯૯ | ૧૮૨ |
| | ૨૦૦૪ | ૧૩૮ |
| | ૨૦૦૯ | ૧૧૬ |
| | ૨૦૧૪ | ૨૮૨ |
| | ૨૦૧૯ | ૩૦૩ |



### મૂલ્યનિષ્ઠ નેતૃત્વ

- એકાત્મ માનવદર્શનના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાય
- કાશ્મીર મુદ્દે શહીદી વહોરનાર જનસંઘના આદ્ય સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી
- વિચારધારાને વરેલા ભાજપાના પૂર્વ અધ્યક્ષ માન. શ્રી કુશાભાઉ ઠાકરે
- મુઠ્ઠી ઊંચેરા માનવી માન. શ્રી સુંદરસિહ ભંડારીજી
- ઋષિતુલ્ય માન. શ્રી નાનાજી દેશમુખ
- જલકમલવત્ મા. શ્રી અટલબિહારી વાજપેયીજી
- મૂલ્યનિષ્ઠ રાજપુરુષ માન. શ્રી લાલકૃષ્ણ અડવાણીજી
- ભાજપના પાયાના પથ્થર શ્રી કેશુભાઈ પટેલ
- પક્ષ માટે જીવન સમર્પિત કરનાર માન. શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર
- ત્યાગમૂર્તિ માન. શ્રી નાથાલાલ ઝઘડા
- કટોકટીકાળના પ્રખર સત્યાગ્રહી માન. શ્રી મકરંદભાઈ દેસાઈ
- સૌરાષ્ટ્રમાં પાર્ટીના શિલ્પી શ્રી અરવિંદભાઈ મણિયાર, શ્રી સૂર્યકાંતભાઈ આચાર્ય અને શ્રી ચીમનભાઈ શુક્લ (ઉપરાંત અનેક મૂલ્યનિષ્ઠ રાજનેતાઓએ ગુજરાતમાં પાર્ટીના વિકાસ માટે ભારે જહેમત ઉઠાવેલી)

પ્રસ્થાન થયું હતું. પક્ષના તત્કાલીન રાષ્ટ્રીય મહામંત્રી નરેન્દ્રભાઈ મોદીના માથે મોટાભાગની જવાબદારીઓ હતી. તૈયારીઓ માટે સતત આઠ દિવસ સુધી વેરાવળના સર્કિટ હાઉસમાં રોકાયા હતા.

ભારતીય જનતા પાર્ટીની સરકારે ૭ અને ૧૦ ઓકટોબર ૧૯૯૧ના રોજ અસાધારણ ગેજેટની નોંધણી કરી. ૨.૭૭ એકર ભૂમિનું અધિગ્રહણ કરી લીધું. તેની વિરુદ્ધ મુસલમાન અદાલતમાં ગયા. અદાલતે ૨૫ ઓકટોબર ૧૯૯૧નો કામચલાઉ આદેશ આપ્યો કે ભૂમિનો કબજો રાજ્ય સરકાર લઈ લે. પણ ત્યાં ન તો કોઈ સ્થાયી નિર્માણકાર્ય કરે અને ના તે કોઈને આપી શકે. આ ભૂમિ પર્યટન વિકાસના નામ ઉપર અધિગ્રહણ કરવામાં આવી હતી.

હિન્દુઓની પ્રબળ આસ્થાએ ભૂમિપૂજન વખતે હજારો પવિત્ર સ્થાનોની માટી અને ૧૦૦થી વધુ પવિત્ર નદીઓનું જળ અયોધ્યા પહોંચ્યાં અને ૫ મી ઓગસ્ટ-૨૦૨૦ના શુભ દિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, સર સંઘચાલક મા. શ્રી મોહનજી ભાગવત અને નિયંત્રિત સાધુ-સંતો, સમાજના અગ્રણીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં અયોધ્યા ખાતે શ્રી રામમંદિર નિર્માણનું ભૂમિપૂજન થયું.

અયોધ્યાની પાવનભૂમિ પરથી શ્રીરામમંદિર નિર્માણના ભૂમિપૂજન બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા પ્રવચનમાં જણાવ્યું હતું કે, 'અયોધ્યામાં આજે ઈતિહાસ રચાયો છે. વર્ષો સુધી ન્યાયાલયમાં કેસ ચાલ્યા બાદ આજે અયોધ્યામાં શ્રીરામમંદિરનો પાયો નંખાયો છે. સદીઓથી ચાલી રહેલ તૂટવા અને ઊઠવાના ક્રમથી રામજન્મભૂમિ આજે મુક્ત થઈ છે.

શ્રીરામનું આ મંદિર આપણી સંસ્કૃતિનું આધુનિક પ્રતીક બનશે. આજે આ જયઘોષ માત્ર સિયારામની નગરીમાં જ નહીં તેની ગુંજ સમગ્ર વિશ્વભરમાં ગુંજી રહી છે. મારું સૌભાગ્ય છે કે શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટે મને આમંત્રિત કર્યો અને આ ઐતિહાસિક પળનો સાક્ષી બનવાનો અવસર આપ્યો. તેના માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

### કન્યાકુમારીથી કાશ્મીર સુધીની એકતા યાત્રા

સન ૧૯૯૦માં ભાજપે કન્યા કુમારીથી કાશ્મીર સુધીની એકતા યાત્રાનું આયોજન કરેલ. આ એકતા યાત્રાના સંચાલનની સંપૂર્ણ જવાબદારી શ્રી નરેન્દ્રભાઈ મોદીને સોંપવામાં આવેલ. યાત્રા વખતે શ્રીનગરમાં ઠેર ઠેર આતંકવાદીઓએ પોસ્ટર લગાવેલાં કે, જેણે પોતાની માનું દૂધ પીધું હોય એ શ્રીનગરના લાલ ચોકમાં આવે ત્રિરંગો ફરકાવવા અને પછી જીવતો પાછો જાય. સમગ્ર યાત્રા દરમ્યાન નરેન્દ્રભાઈ પોતાના ભાષણમાં અચૂક લલકાર કરતા કે, આતંકવાદી કાન ખોલકર સૂન લે. મૈં ૨૬ જનવરી કો પ્રાતઃ ૧૧ બજે શ્રીનગર કે લાલ ચોક મેં પહોંચુંગા, બુલેટપ્રૂફ કાર મેં નહીં આઉંગા, બુલેટ પ્રૂફ જેકેટ પહન કે નહીં આઉંગા, શસ્ત્ર લે કે નહીં આઉંગા, મૈં આઉંગા હાથ મેં તિરંગા ઝંડા લે કે ઔર ફેંસલા હોગા કિ કિસને અપની માં કા દૂધ પીયા હૈ.



# કમળ એટલે અનાસક્તિનો આદર્શ, માંગલ્યનો મહિમા, પ્રકાશનું પૂજન, સૌંદર્યનું સર્જન અને જીવનનું દર્શન

ભારતીય જનતા પક્ષની સ્થાપના ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૮૦ના રોજ થઈ. ભાજપે તેના ચૂંટણી ચિહ્ન (પ્રતીક) તરીકે 'કમળ'ની પસંદગી કરી. જ્યારે ભારતીય જનતા પાર્ટીએ કમળની પસંદગી કરી ત્યારે સૌના મનમાં એ જ ભાવ હતો કે રાજનીતિના કીચડમાં પાર્ટીને કમળની જેમ ખીલવવાની છે, જળમાં રહીને પણ જળથી ઉપર રહેવાનું છે. કમળ સત્, ચિત્ અને આનંદનું પ્રતીક છે. કમળનું પ્રતીક ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાને મંગલકારી સંસ્કૃતિની પ્રેરણા આપતું રહેશે. કામળ પાવનતા, નિર્મળતા, કોમલતા અને સુંદરતાના ભાવ વ્યક્ત કરે છે. કમળ એ ભાજપાની વિચારધારાનું પ્રતીક છે.સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને મૂલ્યનિષ્ઠ રાજનીતિના આદર્શને વરેલી એકમાત્ર રાજકીય પાર્ટી જો કોઈ હોય તો તે ભાજપા છે. ભારતીય સંસ્કૃતિનાં વિભિન્ન પ્રતીકોમાં કમળ સૌથી અગ્રસ્થાને છે. ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ વિચારધારા અને અનુપમ જીવનશ્રેણીનો સુભગ સમન્વય કમળમાં જોવા મળે છે.

ભારતીય જનતા પક્ષની સ્થાપના સમયે જ્યારે પ્રતીક તરીકે કમળની પસંદગી થઈ ત્યારે કવિહૃદયના શ્રી અટલજી ખૂબ ભાવવિભોર થઈ ગયેલા. તેઓએ કમળ ઉપર લખ્યું છે કે, 'કમળ જેવું મુખ, કમળ જેવી આંખો, કમળ જેવા હાથ, કમળ જેવા પગ, કમળ જેવી વ્યક્તિ, ભાગ્યે જ કોઈ અન્ય પુષ્પને કમળ જેટલું સન્માન અને મહત્ત્વ મળ્યાં હશે. આગળ તેઓ લખે છે, કમળ મંદિરો, મહેલો, બગીચાઓ, તળાવો બધાં સ્થાન પર સમાનરૂપે જોવા મળે છે. અધ્યાત્મથી માંડી ભૌતિક જીવનનાં વિભિન્ન ક્ષેત્રોમાં સર્વત્ર કમળ શોભાયમાન છે. વસ્તુતઃ કમળ શાશ્વત સાંસ્કૃતિક પ્રતીક પણ છે અને શાશ્વત સંસ્કૃતિનું પ્રતીક પણ છે.

કમળ કીચડથી ઉપર ઊઠી પોતાના અસ્તિત્વની ઘોષણા કરે છે. કમળ કાદવમાંથી ઊછરી દેવના શીરે ચડે છે. જલકમલવત્ સંસારમાં રહેવાની કલા કમળ પાસેથી શીખવા જેવી છે. કરીને પણ ન કરવાનો ભાવ એ ગીતાની અકર્મણ્યાવસ્થાની પરાકાષ્ઠા છે. અનાસક્તિનો આદર્શ એટલે કમળ. સંસારમાં રહીને પણ સંસારના દોષોથી મુક્ત રહેવાની જીવનદૃષ્ટિ કમળ આપે છે.

ભારતીય સાહિત્ય કમળનાં ગુણગાન કરતાં થાકતું નથી. ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં કમળને જીવવાનો આદર્શ ગણાવી તેવું જીવન જીવવાનો આદેશ આપ્યો છે.

કમળ એટલે અનાસક્તિનો આદર્શ, માંગલ્યનો મહિમા, પ્રકાશનું પૂજન, સૌંદર્યનું સર્જન અને જીવનનું દર્શન. તેથી જ કદાચ આપણા દેવોએ કમળનો સમગ્રતયા સ્વીકાર કર્યો હશે. બ્રહ્મા કમલાસન છે, વિષ્ણુ કમલહસ્ત છે, લક્ષ્મી કમલજા છે અને સૂર્ય તો પોતે જ નભના નીલસરોવરમાં રહેલું રક્તકમળ છે.


કાદવમાં કમળનું સર્જન કરીને કુદરતે આપણને પરિસ્થિતિ નિરપેક્ષ જીવન જીવવાની પ્રેરણાનું અનોખું દર્શન કરાવ્યું છે. પોતાની આસપાસ કાદવ પથરાયેલો પડ્યો છે, તે વાત પર રડતું ન બેસતાં કમળ પોતાનો વિકાસ સાધી લે છે.

કમળની દૃષ્ટિ હંમેશા ઉપર હોય છે. સૂર્ય તરફ જોઈને તે પોતાનું જીવન ખીલવે છે. સૂર્યપ્રકાશ એ જ કમલનું જીવન છે.  આપણા જીવનમાં પણ જો આવી અનન્ય ઈશભક્તિ હોય તો ગમે તેવા કલુષિત વાતાવરણમાં પણ આપણે આપણો યથોચિત વિકાસ સાધી શકીએ.

માનવ પરિસ્થિતિ - પરવશ કે સંજોગોનો ગુલામ છે એ નિરાશામૂલક વિચારધારા ભારતીય સંસ્કૃતિને માન્ય નથી. નાનામાં નાનો માનવ જો પોતાનું ધ્યેય ઊંચું અને દૃષ્ટિ ઉન્નત રાખે તો તે માંગલ્ય તરફ જઈ શકે છે, એવી ભારતીય સંસ્કૃતિની ધારણા છે. ગંદા કાદવમાં રહીને પણ ઊર્ધ્વદૃષ્ટિ રાખી સૂર્યોપાસના કરનાર કમળ આ વાતનું કેવું સરસ સૂચન કરે છે. અંધકારમાં ઊછરેલો માનવ પણ પ્રકાશને પામી શકે એ વાતની પ્રતીતિ કમળ સિવાય બીજું કોણ કરાવી શકે ?

ભારતીય જનતા પાર્ટી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, રાષ્ટ્રીય સલામતી, લોકતંત્ર અને વિકાસને પ્રતિબદ્ધ એવા કરોડો ભારતીયો માટે એકમાત્ર આશાનું કિરણ બની રહ્યો છે. ભાજપે રાષ્ટ્રને એક નવી દેશપ્રેમની વિચારધારા આપી છે, દેશ સમક્ષ એક સ્પષ્ટ નીતિ રજૂ કરી છે, રાષ્ટ્ર પ્રત્યેના અડીખમ સંકલ્પો જાહેર કર્યા છે. શ્રેષ્ઠતમ નાગરિકોની બનેલી ભાજપાએ દેશને એક નવી દિશા આપી છે.

●



### નર્મદા યોજના પૂર્ણ

નર્મદા યોજના પરિપૂર્ણ થતાં ૧૨૧.૯૨ મીટરથી લઈને ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચતા જળસંગ્રહશક્તિમાં ૩.૭૫ ગણો વધારાનો જળસંગ્રહ થયો, જેથી વહી જતા ૪,૨૬,૭૮૦ કરોડ લિટર વધારાના પાણીનો સંગ્રહ થયો જેનો લાભ રાજ્યના કરોડો નાગરિકો, ખેડૂતો, પશુપાલકોને મળ્યા.

ભૂતકાળમાં અનેક વિટંબણાઓ વચ્ચે અટવાયેલી નર્મદા યોજના માટે કોંગ્રેસે સતત વિરોધ કર્યો છે. નર્મદા બંધની ઊંચાઈ વધારવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપવાસ કરવા પડ્યા હતા અને યુ.પી.એ. સરકારે મંજૂરી આપી ન હતી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાને માત્ર ૧૭ દિવસમાં જ ઊંચાઈ વધારવાની મંજૂરી આપી, જે ફાઈલ કોંગ્રેસે ૭ વર્ષ સુધી રોકી રાખી હતી.

### બુલેટ ટ્રેન

ભારત અને જાપાને દ્વિપક્ષીય સંબંધોને નવો આયામ આપતાં ગુજરાતનાં અમદાવાદ અને મહારાષ્ટ્રના મુંબઈ વચ્ચે રૂપિયા ૯૮,૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થનારા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સહિત પરમાણુ ઊર્જા, પરિવહન અને સંરક્ષણ જેવાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં સંખ્યાબંધ કરારો કર્યો હતા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ભારતનાં આર્થિક સ્વપ્નોને જાપાન સિવાય અન્ય કોઈ મિત્ર સમજી શકે તેમ નથી. શિન્ઝો આબે મારા અંગત મિત્ર અને ભારત-જાપાન સંબંધોના હિતેચ્છુ છે. કરારોનો ઉલ્લેખ કરતાં ઝડપ અને સુરક્ષા માટે જાણીતી શિન્ઝાન્સન દ્વારા અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ ટ્રેન દોડાવવાનો નિર્ણય ઓછો ઐતિહાસિક નથી. જાપાન આ યોજના માટે ટેકનિકલ સહાય ઉપરાંત પ્રોજેક્ટ ખર્ચના ૮૧ ટકા રકમ ૧ ટકા કરતાં ઓછા વ્યાજની લોન તરીકે ભારતને આપશે. આ લોન ભારતે ૫ વર્ષમાં ચૂકવવાની રહેશે.

### એક દેશ, એક અર્થતંત્ર, એક ટેક્સ અને એક બજારનું સર્જન

૩૦મી જૂન ૨૦૧૭ની મધરાત ભારતના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાઈ છે. અડધી રાત્રે બોલાવાયેલા સંસદના સત્રમાં જીએસટી લાગુ કરવામાં આવતાં જ ભારતમાં એક રાષ્ટ્ર, એક ટેક્સ, એક માર્કેટની પ્રણાલીનો પ્રારંભ થયો છે.

ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૩૦ જૂન ૨૦૧૭ની મધરાતે બરોબર ૧૨.૦૧ કલાકે બટન દબાવીને દેશભરમાં જીએસટીનો પ્રારંભ કર્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આ મધ્યરાત્રીના સમયે આપણે સૌ મળીને દેશનો આગળનો માર્ગ નિશ્ચિત કરવા જઈ રહ્યા છીએ. જીએસટી લાગુ થતાં જ દેશ એક નવી વ્યવસ્થા તરફ જશે. સવા સો કરોડ દેશવાસીઓ આ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બનશે. તેમણે જણાવ્યું કે, આ એક સરકારની સિદ્ધિ નથી પણ આપણા બધાના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે.

### ભ્રષ્ટાચાર, કાળું નાણું અને નકલી નોટો સામે લડત

મધ્યરાત્રી એટલે કે ૮ નવેમ્બર ૨૦૧૬ની રાત્રિના ૧૨ વાગ્યાથી ૫૦૦ રૂપિયા અને ૧૦૦૦ રૂપિયાની કરંસી નોટ રદ કરવામાં આવી.

ભ્રષ્ટાચાર, કાળું નાણું અને નકલી નોટોના કારોબારમાં ડૂબેલા દેશવિરોધી અને સમાજવિરોધી તત્ત્વો પાસે રહેલી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટો કેવળ કાગળના ટુકડા થઈ ગયા. એવા નાગરિકો જેઓ, મહેનત અને ઈમાનદારીથી સંપતિ મેળવેલ છે. એમના હિતમાં તેમના હકને પૂરું રક્ષણ આપવામાં આવ્યું.

### સર્જિકલ સ્ટ્રાઇક

આપણાં સૈનિકદળો દ્વારા અચૂક તરીકાથી પરિણામદાયી કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈકથી દુનિયાને જ્ઞાત કરાવ્યું છે કે ભારતનું નેતૃત્વ આજે એવી સરકાર કરી રહી છે, જે તેની સીમાઓ અને હિતોની રક્ષા પૂરી દઢતા અને ઈચ્છાશક્તિથી કરવા સંકલ્પબદ્ધ છે. આ સ્ટ્રાઈકની એટલી બધી અસર થઈ છે કે છેલ્લા થોડા સમયથી ભારત-પાક. સીમા પર શાંતિ જળવાઈ રહી છે, તથા ખુદ પાકિસ્તાનના ડીજીએમઓ સ્તર પર બંને દેશો વચ્ચે વાતચીત શરૂ કરવાની પહેલ કરવામાં આવી છે.

ભારતે કાયમ પાકિસ્તાન સહિત પોતાના બધા પડોશી દેશો શાંતિપૂર્ણ તથા મિત્રતાભર્યા સંબંધો રાખવાની ઈચ્છા






## આપણી પંચ નિષ્ઠાઓ

ભારતીય જનતા પાર્ટી અને પૂર્વવર્તી જનસંઘ, અન્ય રાજનૈતિક દળોથી પોતાની અલગ ઓળખ રાખે છે. આ ઓળખ રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીયતા પ્રતિ એના આગ્રહને કારણે છે. જ્યાં સામાન્ય રીતે અન્ય રાજનૈતિક દળોનો ઉદ્દેશ્ય રાજ્યસત્તા પ્રાપ્ત કરવાનો હોય છે, ત્યાં ભારતીય જનતા પાર્ટી સત્તાને વિસ્તૃત ઉદ્દેશ્યોની પ્રાપ્તિનું સાધન માને છે. આ વિસ્તૃત ઉદ્દેશ્ય છે - સામાજિક અને રાષ્ટ્રીય પુનઃનિર્માણ. સામાજિક-રાષ્ટ્રીય પુનઃનિર્માણના ઉદ્દેશ્યોની પૂર્તિ ત્યારે જ સંભવ છે, જ્યારે પાર્ટી ઉચ્ચ નિષ્ઠાઓ, સિદ્ધાંતો અને આગ્રહો લઈને ચાલે.

ભારતીય જનતા પાર્ટીના કાર્યની પ્રેરણા, પાર્ટીના સંવિધાનમાં ઉલ્લેખિત પાંચ નિષ્ઠાઓ છે : સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ - લોકતંત્ર - એકાત્મ માનવદર્શન - સર્વધર્મ સમભાવ - મૂલ્ય આધારિત રાજનીતિ.

રાખી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સૂત્રવાક્ય 'સબ સાથ મેં બઢે' હિંદ મહાસાગરનો બધા પડોશીઓ સાથેનું સંયુક્ત એકીકરણ તથા એકતાપૂર્ણ ભવિષ્યનું સ્વપ્ન જુએ છે. આથી પાકિસ્તાન તથા ભારતના દ્વિપક્ષીય સંબંધોના હિતમાં રહેશે કે નવાજ શરીફ, પાકિસ્તાનમાં ચાલતી આતંક શિબિરો તથા આઈએસઆઈને સરકારી એજન્સીઓ દ્વારા પહોંચાડતી મદદ બંધ કરવા માટે નક્કર પગલાં ભરે. આજે પ્રજાતાંત્રિક વિશ્વમાં આતંકવાદને એક મહારોગના રૂપમાં જોવાય છે, જ્યારે પાકિસ્તાન હજુ પણ તેનો ઉપયોગ રાજનીતિ અંતર્ગત કરે છે. પાકિસ્તાન ભારતમાં આતંકવાદીઓની ઘૂસણખોરી કરાવે છે, આતંકવાદી હુમલા કરાવે છે તથા જમ્મુ અને કાશ્મીરમાં હિંસા અલગાવવાદી આંદોલનનું સમર્થન કરે છે.


પ્રધાનમંત્રી દ્વારા કરાયેલી સર્જિકલ સ્ટ્રાઈક તથા જમ્મુ કાશ્મીર અને ભારતની જનતા દ્વારા અલગાવવાદી ષડયંત્રનો વિરોધ પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપે છે કે તેના ઘૃણાપાત્ર મનસૂબા કયારેય સફળ નહીં થાય. પ્રધાનમંત્રી મોદીજીની સરકાર આતંકવાદના મુદ્દે કોઈ સમજૂતી નહી'ની નીતિને અનુસરે છે તથા આ પ્રકારની ધમકીઓનો સખત અણધાર્યો જવાબ આપવાની દઢ નીતિને અનુસરે છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ નર્મદા નદીના તટે વિશ્વની ઊંચામાં ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિભા રાષ્ટ્રને સમર્પિત કરી. ભારતની એકતા માટે સમર્પિત સરદાર સાહેબના વિરાટ વ્યક્તિત્વને આઝાદથી સતત કોંગ્રેસે ઉપેક્ષિત રાખ્યું. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકારે સરદાર સાહેબને વિશ્વની સૌથી ઊંચાઈ પર લાવી ઈતિહાસના સુવર્ણપૃષ્ઠને ઉજાગર કર્યું.

'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પ્રોજેક્ટની જાહેરાત ૭ ઓક્ટોબર, ૨૦૧૦ના રોજ કરવામાં આવેલી. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ તે વખતના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી લાલકૃષ્ણ અડવાણી દ્વારા શિલાન્યાસ કરવામાં આવેલ. નર્મદા ડેમથી ૩.૨ કિ.મી. દૂર સાધુ બેટ પર ૧૮૨ મીટર એટલે ૫૯૭ ફૂટની પ્રતિમા બનાવવાનું નક્કી કરેલ. લાર્સન એન્ડ ટુબ્રોએ ૨,૯૮૯ કરોડ રૂપિયામાં ડિઝાઈનીંગ, બાંધકામ અને મેન્ટેનન્સનો કોન્ટ્રાકટ ટેન્ડર દ્વારા મેળવેલ.

નર્મદા નદીના કિનારે ૧૦૦થી વધુ પ્રકારનાં રંગબેરંગી ફૂલોથી શણગારેલ વેલી ઓફ ફ્લાવર્સ પણ વડાપ્રધાને ખુલ્લું મૂકેલ. ૭ કિ.મી.ના વિશાળ વિસ્તારને આવરી લેતી વેલી ઓફ ફ્લાવર્સ પર્યટકોનું આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.



**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ**

# શ્રી રામ-જન્મભૂમિ પર મંદિરનું નિર્માણ ભારતની અંતર્નિહિત શક્તિનું પ્રગટીકરણ




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા દર વર્ષે મળે છે. જેમાં સંઘ અને વિવિધ ક્ષેત્રના વરિષ્ઠ કાર્યકર્તાઓ એકત્ર આવીને ચિંતન-ચર્ચા કરતા હોય છે. આ વર્ષે પણ આવી અખિલ ભારતીય પ્રતિનિધિ સભા બેંગલુરુ ખાતે ૧૯-૨૦ માર્ચના રોજ યોજાઈ ગઈ. સામાન્ય રીતે પ્રતિનિધિ સભામાં ૧૫૦૦ જેટલા કાર્યકર્તાઓ અપેક્ષિત હોય છે પરંતુ આ વખતે કોવિડની વિષમ પરિસ્થિતિ હોવાને કારણે ૪૫૦ કાર્યકર્તાઓને પ્રત્યક્ષ બોલાવ્યા હતા અને બાકીના પોતાના પ્રાંત કેન્દ્રથી ઓનલાઈન જોડાયા હતા.

દર ત્રીજું વર્ષે ચૂંટણીનું વર્ષ હોય છે અને ચૂંટણીના વર્ષની પ્રતિનિધિ સભા નાગપુરમાં જ મળતી હોય છે પરંતુ કોવિડની વિષમ પરિસ્થિતિને કારણે બેંગલુરુમાં આ સભા યોજાઈ. સંઘના ઈતિહાસમાં આવું પહેલી વાર બન્યું છે. એ રીતે પણ આ બેઠક વિશિષ્ટ રહી.

ગત વર્ષનું સંઘકાર્ય આમ તો બહુ વ્યસ્ત અને વ્યાપક રહ્યું. કોવિડની સ્થિતિને પહોંચી વળવા તંત્ર સાથે સહયોગ કરીને નીતિ-નિયમોનું પાલન કરીને સ્વયંસેવકો સમાજસેવામાં આખું વર્ષ લાગેલા રહ્યા. આ વિષમ સ્થિતિમાં કોવિડની ગાઈડ લાઈન પ્રમાણે મેદાનમાં શાખાઓ નહોતી લાગતી, પરંતુ અત્યારે ગત વર્ષની સરખામણીમાં ૯૦% સ્થાનો પર શાખાઓ શરૂ થઈ ગઈ છે.

વર્તમાનમાં દેશભરમાં ૬૦,૭૭૭ સ્થાન પર સંઘનું પ્રત્યક્ષ કાર્ય છે. ગુજરાતમાં પણ ૧૩૨૧ સ્થાન પર સંઘનું પ્રત્યક્ષ કાર્ય છે. તદ્‌ઉપરાંત પ્રતિનિધિ સભામાં બે ઠરાવ સર્વાનુમતે પસાર થયા.

### શ્રી રામ-જન્મભૂમિ પર મંદિરનું નિર્માણ ભારતની અંતર્નિહિત શક્તિનું પ્રગટીકરણ

શ્રી રામ-જન્મભૂમિ પર માનનીય સર્વોચ્ચ ન્યાયાલયનો સર્વસંમત નિર્ણય, ત્યારબાદ શ્રી રામમંદિર નિર્માણ માટે સાર્વજનિક ન્યાસ 'શ્રી રામ-જન્મભૂમિ તીર્થક્ષેત્ર'નું ગઠન, અયોધ્યામાં ભવ્ય મંદિરના નિર્માણકાર્યનો પ્રારંભ કરવાના હેતુથી કરાયેલ અનુષ્ઠાન





તેમજ નિધિ સમર્પણ અભિયાન ભારતના ઇતિહાસનું સ્વર્ણપૃષ્ઠ બની ગયું છે, જે આવનારી પેઢીઓને પણ પ્રેરણા આપશે. અખિલ ભારતીય પ્રતિનિધિ સભાનો એ સુવિચારિત મત છે કે ઉપર્યુક્ત કાર્યક્રમોથી ભારતની અંતર્નિહિત શક્તિઓ જાગૃત થઈ છે તેમજ આ કાર્યક્રમ આધ્યાત્મિક જાગરણ, રાષ્ટ્રીય એકાત્મતા, સામાજિક સમરસતા તેમજ સદ્‌ભાવ અને સમર્પણનું અદ્વિતીય પ્રતીક બની ગયો છે.


યુગાબ્દ ૫૧૨૨ ભાદ્રપદ કૃષ્ણ બીજ (૫ ઓગસ્ટ ૨૦૨૦)ના દિવસે સંપૂર્ણ વિશ્વ એ ક્ષણોનું સાક્ષી બની ભાવવિભોર થઈ રહ્યું હતું, જયારે ભારતના પ્રધાનમંત્રી, સંઘના પૂજનીય સરસંઘચાલક, શ્રી રામ-જન્મભૂમિ તીર્થક્ષેત્રના ટ્રસ્ટી તેમજ ભારતના બધા જ મત-પંથોના પૂજ્ય ધર્માચાર્યોની ગરિમામયી ઉપસ્થિતિ મંદિરનિર્માણનો પ્રારંભ કરવા હેતુ કરેલ ભવ્ય કાર્યક્રમને આભમય બનાવી રહી હતી. ભારતનાં બધાં તીર્થોની પાવન રજ અને બધી પવિત્ર નદીઓના જળથી આ અનુષ્ઠાન સંપન્ન થયું. કોરોના મહામારીની ભીષણતાના સમયે યોજાયેલ આ કાર્યક્રમ બધી મર્યાદાઓનું પાલન કરીને સીમિત સંખ્યામાં રાખેલ હતો. પરંતુ એનો પ્રભાવ અસીમિત હતો. પ્રત્યક્ષ ઉપસ્થિતિ તો મર્યાદિત હતી, પરંતુ આભાસી માધ્યમો દ્વારા સમસ્ત હિંદુ સમાજ આ કાર્યક્રમમાં ભાગીદારી કરી રહ્યો હતો. સમાજના બધા જ વર્ગો તેમજ રાજનૈતિક દળોએ એકમત થઈને આ કાર્યક્રમનું સ્વાગત કર્યું હતું.

મકર સક્રાંતિના પવિત્ર દિવસે ભારતના પ્રથમ નાગરિક મહામહિમ રાષ્ટ્રપતિના નિધિ સમર્પણ તેમજ દિલ્હી સ્થિત ભગવાન વાલ્મીકિ મંદિરથી પ્રારંભ થયેલ ૪૪ દિવસનું આ અભિયાન વિશ્વઇતિહાસનું સૌથી મોટું સંપર્ક અભિયાન સિદ્ધ થયું. લગભગ ૫.૫ લાખથી વધારે નગર ગ્રામના ૧૨ કરોડથી અધિક રામભક્ત પરિવારોએ ભવ્ય મંદિર નિર્માણ માટે પોતાનું સમર્પણ કર્યું હતું. સમાજના બધા જ વર્ગો તેમજ મત પંથોએ આ અભિયાનમાં બઢીચઢીને સહભાગિતા કરી. ગ્રામવાસી નગરવાસીથી લઈને વનવાસી તેમજ ગિરિવાસી બંધુઓ સુધી, સંપન્નથી સામાન્ય જન સુધી બધા એ આ અભિયાનને સફળ બનાવવામાં પોતાનું ભરપૂર યોગદાન આપ્યું. આ અદ્વિતીય ઉત્સાહ તેમજ સહયોગ માટે પ્રતિનિધિ સભા બધા જ રામભક્તોનું અભિવાદન કરે છે.

આ અભિયાને ફરી એકવાર સિદ્ધ કર્યું કે સંપૂર્ણ દેશ ભાવાત્મક રૂપથી સદૈવ શ્રીરામ સાથે જોડાયેલ છે. પ્રતિનિધિ સભા દેશની બધી સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, શિક્ષણવિદો, પ્રબુદ્ધ વર્ગો સહિત સમસ્ત રામભક્તોને આવાહન કરે છે કે શ્રીરામના આદર્શોને સમાજમાં સંચારિત કરવા દેશમાં સાર્થક પ્રયાસ કરે. અયોધ્યામાં શ્રીરામજન્મભૂમિ પર ભવ્ય મંદિરનિર્માણની સાથે સાથે સામૂહિક સંકલ્પ તેમજ પ્રયાસથી શ્રીરામનાં જીવનમૂલ્યોથી પ્રેરિત સામાજિક તેમજ રાષ્ટ્રીય જીવન ઊભું થશે, એના આધાર પર જ વૈભવ સમ્પન્ન સામર્થ્યશાળી ભારતનો માર્ગ પ્રશસ્ત થશે. જે વિશ્વકલ્યાણની આપણી ભૂમિકાનું નિર્વહણ કરશે.

ગુજરાતમાં પણ શ્રી શૈલેષભાઈ પટેલની પ્રાંત કાર્યવાહ તરીકે અને શ્રી નીમેશભાઈ પટેલની સહ પ્રાંત પ્રચારક તરીકે નિયુક્તિ થઈ છે. પૂર્વ પ્રાંત કાર્યવાહ શ્રી યશવંતભાઈની પશ્ચિમ ક્ષેત્ર કાર્યકારિણી સદસ્ય તરીકે નિયુક્તિ થઈ છે.

•



# UPA v/s NDA

## પેટ્રોલ ઇકોનોમીનું સત્ય

### ક્રૂડની કિંમતોમાં વધારો થવાનાં અનેક કારણો

પાછલા ત્રીસ દિવસથી દેશમાં પેટ્રોલ તેમજ ડીઝલની કિંમત વધી રહી છે ત્યારે સાહજિક આપણા મનમાં પણ પ્રશ્ન થાય કે આ વધતી કિંમતો કેટલી વ્યાજબી છે? આપણા દેશમાં કિંમતો કેમ વધે છે તથા તેના માટે જવાબદાર કોણ? આ તમામ પ્રશ્નોના ઉત્તર માટે આપણે એ જાણવું જરૂરી છે કે એપ્રિલ ૨૦૨૦માં બ્રેન્ટ ક્રૂડ ૧૬ ડોલર પ્રતિ બેરલના નીચેના સ્તરથી લગભગ ૪૧૮% વધીને અત્યારે ૬૭ ડોલર પ્રતિ બેરલ આવી ગયું હતું. છેલ્લા એક મહિનામાં જ ૩૦%નો ધરખમ વધારો થયો છે, ભારત તેની જરૂરિયાતનું ૮૨% ક્રૂડ ઈમ્પોર્ટ કરે છે. આવી સ્થિતિમાં ઘરેલુ ઈંધણની કિંમતોમાં વધારો થવો સામાન્ય વાત છે.

અત્યારના સંજોગોમાં ક્રૂડની કિંમતોમાં વધારો થવાનાં અનેક કારણો છે, જેમનું મુખ્ય કારણ સાઉદી અરેબિયા દ્વારા પ્રતિ દિવસના૧ મિલિયન બેરલ ક્રૂડના ઉત્પાદનમાં કાપ મૂકવો, ઈરાક દ્વારા પણ ઉત્પાદન ઓછું કરવું, સાથે સાથે વિશ્વમાં આર્થિક ગતિવિધિ શરૂ થતાં ડિમાન્ડમાં પણ વધારો થયો. એટલે કે એક બાજુ ઉત્પાદન ઓછું થયું અને બીજી બાજુ માંગમાં વધારો થયો. આપણા પેટ્રોલિયમ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા ઓપેક દેશોને ક્રૂડનું ઉત્પાદન વધારવા વિનંતી પણ થઈ છે. સાથે સાથે એ પણ વિદિત થવું જોઈએ કે જે પ્રમાણે ક્રૂડના ભાવ વધ્યા છે તે પ્રમાણે આપણા દેશમાં પેટ્રોલના ભાવ વધ્યા નથી.

### છેલ્લા ૩૦૦ દિવસમાંથી લગભગ ૨૫૦ દિવસ સુધી પેટ્રોલ ડીઝલના ભાવ સ્થિર રહ્યા

છેલ્લા ૩૦૦ દિવસમાંથી લગભગ ૨૫૦ દિવસ સુધી પેટ્રોલ ડીઝલના ભાવ સ્થિર રહ્યા છે, જ્યારે ૭ દિવસ પેટ્રોલના ભાવ તથા ૨૧ દિવસ ડીઝલના ભાવમાં ઘટાડો કર્યો છે. ક્રૂડની કિંમતો વધતાં ઓઈલ માર્કેટિંગ કંપનીનું નેટ ઓટો ફ્યુલ માર્કેટિંગ માર્જિન પણ ૦.૯ પ્રતિ લિટરથી ઘટીને -૧.૭૯ પ્રતિ લિટર થઈ ગયું છે. એટલે કે બીજી રીતે કહીએ તો ઓઈલ માર્કેટિંગ કંપનીને ખૂબ મોટું નુકસાન થઈ રહ્યું છે. ભારતમાં પેટ્રોલનો ભાવ માત્ર વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ પર નિર્ભર નથી. ક્રૂડનો ભાવ ડોલર પર હોય છે. તેથી જયારે ક્રૂડનો ભાવ ઘટે પરંતુ જો ડોલર ઈન્ડેક્સ મજબૂત હોય તો પણ આપણે વધારે કિંમત ચૂકવવી પડે છે. વર્તમાનમાં ડોલર ઈન્ડેક્સ ૯૨ જેટલો છે, જે ખૂબ જ મજબૂતાઈ બતાવે છે.

### ૨૦૧૩ની સરખામણીમાં મોદી સરકારમાં એલપીજીના ભાવ ૩૫% ઓછા છે

સાથે સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે ભારતમાં દર ૧૦૦૦ ભારતીયોમાંથી માત્ર ૨૨ લોકો જ ગાડી વાપરે છે, જેની સામે ૨૪.૯ કરોડ ઘરોમાં LPGનો ઉપયોગ થાય છે. એટલે કે લગભગ ૧૦૦ કરોડ લોકોને સીધું સ્પર્શે છે. ૧-૧-૨૦૧૪ના રોજ સબસિડી વગરના ગેસના બાટલાનો ભાવ ૧૨૪૧ રૂપિયા હતો જે માર્ચ ૨૦૨૧માં ઘટીને ૮૧૯ રૂપિયા દિલ્લીમાં આવી ગયો છે. એટલે કે ૬ વર્ષના અંતે લગભગ ૪૨૨ રૂપિયાનો ઘટાડો થયેલો છે. વર્તમાનમાં એલપીજીના ભાવમાં થોડોક વધારો થયો છે પણ તેનું કારણ એ છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં એલપીજીનો ભાવ $૪૫૫ પ્રતિ ટનથી વધીને $૬૦૦ પ્રતિ ટન થયો છે, એટલે કે લગભગ ૩૨%નો વધારો આવ્યો છે. પરંતુ ૨૦૧૩ની સરખામણીમાં મોદી સરકારમાં એલપીજીના ભાવ ૩૫% ઓછા છે.

આપણને એ વાતની પણ ખબર હોવી જોઈએ કે આંતરરાષ્ટ્રીય કાચા તેલની કિંમતોની સાથે સાથે દેશમાં પેટ્રોલ તથા ડીઝલની કિંમતો નક્કી કરતાં બીજાં ઘણાં બધાં કારણો જવાબદાર હોઈ છે, જેમ કે ભારતીય તેલ





કંપની ટ્રેડ પેરીટી પ્રાઈસીંગ પરથી ભાવ નક્કી કરે છે. ટ્રેડ પેરીટી પ્રાઈસીંગમાં ઈમ્પોર્ટ પેરીટી પ્રાઈસનો હિસ્સો ૮૦% છે, જયારે એક્સપોર્ટ પેરીટી પ્રાઈસનો ફાળો ૨૦% હોય છે. IPP- ઈમ્પોર્ટ પેરીટી પ્રાઈસમાં ફ્રી ઓન બોર્ડ પ્રાઈસ (FOB) + ઓકશન ફ્રેટ + ઈન્સ્યોરન્સ + કસ્ટમ ડ્યૂટી તેમજ પોર્ટ ડ્યૂટીનો સમાવેશ થાય છે. જયારે ઈમ્પોર્ટ પેરીટી પ્રાઈસમાં એડ્વાન્સ લાઈસેંસ બેનિફિટ તેમજ કાચા તેલની ડ્યૂટી ફ્રી ઈમ્પોર્ટ માટે FOB પ્રાઈસનો સમાવેશ થાય છે.

સાથે સાથે ગેસોલીન ફ્રેકા રિફાઈનેડ પ્રોડક્ટ તથા ક્રૂડ ઓઈલના ભાવ વચ્ચેનું અંતરના કારણથી પણ દેશમાં ઈંધણની કિંમતોમાં વધારો રહે છે. અત્યારે ગેસોલીન ફ્રેકની કિંમતમાં ત્રણગણો વધારો થયો છે. આ તમામ હકીકતો દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય લેવલે ક્રૂડ ઓઈલના ભાવમાં જેટલો ઘટાડો આવે તે જ રીતે કે તેટલા જ અનુપાતમાં દેશમાં ઈંધણના ભાવમાં ઘટાડો આવે તે શક્ય નથી. આ સાથે જ સેસ, રિફાઈનિંગ કોસ્ટ, શિપિંગ ચાર્જ, ડીલર કમિશન તથા પ્રોફિટ માર્જિન જેવી અન્ય ચીજો પણ સતત બદલાતી રહે છે. તેથી વૈશ્વિક કાચા તેલના ભાવ તથા ઘરેલુ ઈંધણના ભાવમાં એક જ પ્રકારે કે માત્રામાં ઘટાડો શક્ય જ નથી.

હાલમાં જ વિપક્ષો દ્વારા ઈંધણના વધેલા ભાવમાં ઘટાડો કરવાની માંગણી કરવામાં આવે છે. તે માત્ર ને માત્ર ઢોંગ જ છે. Lockdown વખતે પણ કોંગ્રેસ શાસિત રાજ્યો વેટ વધારવામાં સૌથી આગળ રહ્યા હતા. હમણાં જ મુંબઈમાં છેલ્લા અઠવાડિયામાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયા પહોંચી ગયો, આ ભાવમાં બેઝિક ભાવ ૩૨.૯૭ રૂપિયા પ્રતિ લિટર, કેન્દ્ર સરકારનો ટેક્સ ૨૧.૫૮ રૂપિયા તથા રાજ્ય સરકારના વેટ, સરચાર્જ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેસ, હાઈવે લિકર બેન સેસ, આ તમામ વસ્તુ ગણીએ તો ૪૧.૬૭ રૂપિયા પ્રતિ લિટર રાજ્ય સરકારનો ટેક્સ થાય છે. તથા ડીલર કમિશન ૩.૭૮ રૂપિયા પ્રતિ લિટર છે. આ ચોખ્ખું જ દર્શાવે છે કે ના માત્ર કેન્દ્ર સરકારના ટેક્સ પણ રાજય સરકારના ટેક્સ પેટ્રોલના ભાવમાં સૌથી મોટું તત્ત્વ છે. અને પેટ્રોલનો ભાવ વધવા માટેનું સૌથી મોટું કારણ છે. આ જ વસ્તુ કોંગ્રેસ શાસિત અન્ય રાજ્ય તથા રાજસ્થાનમાં લાગુ પડે છે.

## કેન્દ્ર સરકારને કમાણી થાય છે તેમાંથી ૪૨% ફાળો રાજ્યોને મળે છે


રાજસ્થાનના ગંગાનગરમાં પણ પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયા દેશમાં સૌથી પહેલો ત્યાં સ્પર્શ થયો હતો. તેનું કારણ પણ રાજસ્થાન સરકાર દ્વારા પેટ્રોલ ઉપરનો વેટ ૩૬%જે દેશમાં સૌથી વધુ છે તથા ૧.૫ રૂપિયા પ્રતિ કિલોમીટર રોડ ડેવલપમેન્ટ સેસ લે છે. દેશના કુલ ક્રૂડ ઉત્પાદનનું ૨૫% રાજસ્થાનમાં થાય છે. રાજસ્થાનની CRUDeથી કમાણી ૩૬૦૦ કરોડ છે. તેમજ આલ્કોહોલ વેચાણમાંથી પણ છેલ્લા વર્ષમાં રાજસ્થાન સરકારને ૬૮૫૦ કરોડની કમાણી થઈ છે.

જયારે ગુજરાતને આલ્કોહોલ વેચાણની કોઈ કમાણી નથી. છતાં પણ સમગ્ર દેશમાં સૌથી ઓછો ટેક્સ ગુજરાત સરકાર લે છે. ગુજરાતમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ કરતાં પેટ્રોલના ભાવ ૧૦થી ૧૨ રૂપિયા સસ્તા છે. સાથે એ પણ જાણવું અગત્યનું છે કે ૧૫મા ફાઈનાન્સ કમિશનની ભલામણ મુજબ કેન્દ્ર સરકાર તેની કુલ આવકમાંથી ૪૨% રાજયોને આપે છે. તેથી એક્સસાઈએ ડ્યૂટીના માધ્યમથી જે પણ કેન્દ્ર સરકારને કમાણી થાય છે તેમાંથી ૪૨% ફાળો રાજયોને મળે છે.

## પાછલાં ૨૦ વર્ષમાં ખેડૂતોને અપાતી વીજળીના વીજદરમાં કોઈ વધારો કર્યો નથી

ગુજરાત સરકારે એ ૧૪૦૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજે આપ્યું તેવું પેકેજ કોઈ સરકાર આપી શકી નથી. ગુજરાત એક એવું રાજ્ય છે જેને પાછલાં ૨૦ વર્ષમાં ખેડૂતોને અપાતી વીજળીના વીજદરમાં કોઈ વધારો કર્યો નથી. આપણે એ વાતનો ઉલ્લેખ કરવો ખૂબ જ અગત્યનો છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની તેલની આયાતમાં આવનારા સમયમાં ભારે ઘટાડો થવાની શક્યતા છે. આવું એટલા માટે કહી શકાય કારણ કે સરકારે એ પર્યાવરણને અનુકૂળ સી. એન.જી. ગેસ પર ખૂબ જ ભાર મૂક્યો છે.

ઊર્જાના જુદા જુદા વિકલ્પમાં પ્રાકૃતિક ગેસનો વપરાશ અઢી ગણો વધારવાની યોજના છે. વર્તમાનમાં ગેસનો વપરાશ ૧૬૦ મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક



પ્રતિદિનથી વધારીને ૨૦૩૦ સુધીમાં ૬૦૦ મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રતિદિન લાવવાનો લક્ષ્યાંક લીધો છે.

આવનારા એક દશકમાં ગૅસના ઈન્ફ્રાસ્ટ્રક્ટર ઉપર ૬૦ અબજ ડોલર નિવેશ (રોકાણ)ની શક્યતા છે. સરકાર દ્વારા એટલા માટે જ ઇન્ડિયન ગેસ એક્સચેન્જ ઊભું કરવામાં આવ્યું છે, જેનું કામકાજ જુલાઈ ૨૦૨૦ના બીજા અઠવાડિયાથી શરૂ થઈ ગયું છે. સરકાર દ્વારા GAILના ગેસ ટ્રાન્સમિશન તથા માર્કેટિંગ બિઝનેસને અલગ કરવાની યોજના પર વિચાર ચાલી રહ્યો છે.

**દેશભરમાં સી.એન.જી સ્ટેશનનોની સંખ્યા ૧૪૭૦ જેટલી છે, જે ૨૦૩૦માં ૧૦૦૦૦ કરતાં વધારે લઈ જવાની યોજના**

હાલમાં દેશભરમાં સી.એન.જી સ્ટેશનોની સંખ્યા ૧૪૭૦ જેટલી છે, જે ૨૦૩૦માં ૧૦૦૦૦ કરતાં વધારે લઈ જવાની યોજના છે. ૧૪૭ જિલ્લામાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યૂશન માટે કામ ચાલુ છે. આપણે કર્ણાવતી મહાનગરમાં તો અનુભવેલું છે કે સી.એન.જી.નો વપરાશ એટલો વધી ગયો કે તમામ રિક્ષાઓ તથા બેઝિક કારમાં મોટા પ્રમાણમાં સી.એન.જીનો વપરાશ થાય છે. સી.એન.જી.વાળાં વાહન પેટ્રોલ કરતાં ઓછું પ્રદૂષણ કરે છે, સાથે સાથે વધારે એવરેજ પણ આપે છે.

સી.એન.જી.નો ભાવ અમદાવાદ મહાનગરમાં ૫-૯-૨૦૧૩ના રોજ ૬૬.૩૦ પ્રતિ કિલો હતો તેમાં પણ ખૂબ જ મોટો ઘટાડો થતાં અત્યારે ૧૮-૦૩-૨૦૨૧ના રોજ ૫૬ રૂપિયા પ્રતિ કિલો છે. આમ સી. એન.જી.નો વપરાશ વધતાં પ્રદૂષણમાં ઘટાડો થાય, પેટ્રોલવાળાં વાહનો કરતાં એવરેજ પણ વધારે આવે તથા પેટ્રોલ કરતાં કિંમતો પણ ઓછી છે.

આમ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભગીરથ પ્રયાસોથી તેલ આધારિત અર્થવ્યવસ્થા આવનારા દિવસોમાં ગેસ આધારિત થશે તેમજ પીપલ, પ્લેનેટ તથા પ્રોફિટ વચ્ચે એકદમ સંતુલન રહેશે. સરકારે આવો જ એક મહત્વનો નિર્ણય લીધો છે કે પેટ્રોલમાં ૧૦% ઈથેનોલનો વપરાશ કરવાનો. આ નિર્ણયથી શેરડી પકવતા ખેડૂતોની શેરડી પણ સરકાર ખરીદશે જેનો સીધો ફાયદો યુ.પી. તથા મહારાષ્ટ્રના ખેડૂતોને થશે. તેમજ આપણો દેશ જ્યારે ૮૨% કાચું તેલ ઈમ્પોર્ટ કરે છે ત્યારે તેમાં ઘટાડો થતાં દેશનું વિદેશી હૂંડિયામણ પણ બચશે, તેવી જ રીતે સરકારે ઈલેક્ટ્રિક કાર ઉપર પણ ખૂબ જ ભાર મૂક્યો છે. એક બાજુ ઓટો કંપનીઓએ ઈલેક્ટ્રિક કારના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરી તથા બીજી બાજુ પ્રજાના ઈલેક્ટ્રિક કારના વપરાશના ફાયદા પણ સમજાવે છે.

**ઇલેક્ટ્રિક કાર ભારતીય બજારમાં**

વર્તમાનમાં ટાટા જેવી કંપનીઓએ તો પોતાની ઈલેક્ટ્રિક કાર ભારતીય બજારમાં વેચવાની પણ શરૂ કરી દીધી છે. કર્ણાવતી મહાનગર, નાગપુર, દિલ્લી જેવી જગ્યાએ પબ્લિક ટ્રાન્સપોર્ટના વાહનો હવે ઈલેક્ટ્રિક હોઈ તેની ખરીદી થાય છે. સરકાર દ્વારા દરેક મોટાં શહેરોમાં દર ચાર કિલોમીટરે એક ઈલેક્ટ્રિક વાહનનું ચાર્જિંગ સ્ટેશન હોઈ તે યોજના પર કામ ચાલી રહ્યું છે. હાલમાં દેશમાં ૧૫૦ જેટલાં ઈલેક્ટ્રિક વાહનના ચાર્જિંગ સ્ટેશન ચાલુ પણ થઈ ગયાં છે. આમ સરકાર દ્વારા આવનારા સમયમાં પેટ્રોલનો ઓછો ઉપયોગ થાય અને બીજા રિસોર્સિસનો વધારે ઉપયોગ થાય તેવા ભગીરથ પ્રયાસ ચાલુ જ છે.

**યુ.પી.એ-૨માં પાંચ જ વર્ષમાં પેટ્રોલના ભાવમાં ૮૧%નો વધારો થયો હતો**

યુ.પી.એ સરકારના સમયગાળામાં પેટ્રોલના ભાવમાં ૨૯ રૂપિયા પ્રતિ લિટરથી વધીને ૭૩ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયો હતો, જે વધારો ૧૫૧% જેટલો હતો. યુ.પી.એ-૨માં તો પેટ્રોલના ભાવ અધધ વધારો થતાં જાન્યુઆરી ૨૦૦૯માં ૪૦.૬૨ રૂપિયા પ્રતિ લિટરથી વધીને માર્ચ, ૨૦૧૪માં ૭૨.૬૩ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયા હતા.

એટલે કે યુ.પી.એ-૨માં પાંચ જ વર્ષમાં પેટ્રોલના ભાવમાં ૮૧%નો વધારો થયો હતો. સાથે સાથે એ જાણવું જરૂરી છે કે યુ.પી.એ. સરકાર વખતે આપવામાં આવેલા રૂપિયા ૧.૪૦ લાખ કરોડના પેટ્રો બોન્ડ અને તેનું રૂપિયા ૭૦૦૦૦ કરોડનું વ્યાજ પણ એન ડી એ સરકાર ચૂકવી રહી છે.



**૨૦૦૪થી ૨૦૧૩ના વર્ષ દરમ્યાન ચોખાના ભાવમાં ૧૩૭%, ઘઉંના ભાવમાં ૧૨૧%, દૂધના ભાવમાં ૧૧૯% તથા કાંદાના ભાવમાં ૫૨૧% વધારો આવ્યો હતો, જે મધ્યમ વર્ગ માટે દોજખ સમાન હતો**

યુ.પી.એ.સરકાર વખતે મોંઘવારીની સ્થિતિ જોઈએ તો તે હાઈપર ઈફ્લેશન(મોંઘવારી) હતો જયારે નરેન્દ્ર મોદીની સરકારમાં છેલ્લાં ૬ વર્ષમાં મોડરેટ ઈફ્લેશન (મોંઘવારી) રહ્યો છે. ઓક્ટોબર ૨૦૧૬થી માર્ચ ૨૦૨૦ સુધી એવરેજ રિટેલ ઈફ્લેશન (મોંઘવારી) ૩.૯૭ના વ્યાજબી દરે રહ્યો છે એટલે કે મોદી સરકાર અસરકારક રીતે મોંઘવારી કાબૂમાં રાખી શકી છે. યુ.પી.એ. સરકાર વખતે ૨૦૧૦થી ૨૦૧૩ના ગાળામાં મોંઘવારી સતત ૧૦% કરતાં વધારે દરથી વધતી હતી. ૨૦૧૩ના વર્ષમાં તો ક્રૂડ ઈફ્લેશન (મોંઘવારી) ૧૪%ના દરે તથા રિટેલ ઈફ્લેશન (મોંઘવારી) ૧૨%ના દરે પહોંચી ગયો હતો તથા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચ્યા હતા. તુવેર દાળનો ભાવ ૨૦૧૪ના વર્ષની શરૂઆતમાં ૨૧૦ રૂપિયા કિલોએ થઈ ગયા હતા.


**મધ્યમ વર્ગ સામાન્ય રીતે ઘર લોન પર લેતો હોઈ તેનો દર પણ યુ.પી.એ. સરકાર વખતે ૨૦૧૩માં ૧૦.૭૫% હતો, જે અત્યારે ઘટીને ૬.૮૦% થઈ ગયો છે**

મધ્યમ વર્ગના ઈએમઆઈ ૧૫થી ૨૦%નો ઘટાડો થયો છે. જયારે જયારે દેશમાં એન ડી એની સરકાર આવી છે ત્યારે મોંઘવારીના દર કરતાં દેશનો વિકાસદર વધારે રહ્યો છે અને જયારે જયારે કોંગ્રેસની સરકાર રહી છે ત્યારે ત્યારે દેશના વિકાસદર કરતાં મોંઘવારીનો દર વધારે રહ્યો છે. આઝાદી પછીના સૌથી વધુ મોંઘવારીના દર રહ્યા હોય તેવાં વર્ષ જોઈએ તો ૧૯૭૪માં ૨૮.૬૦%, ૧૯૮૧માં ૧૩.૧૧%, ૧૯૯૧માં ૧૩.૮૭%, ૨૦૦૯માં ૧૦.૮૮%, ૨૦૧૦માં ૧૧.૯૯%, ૨૦૧૩માં ૧૦.૯૧% રહ્યો છે જે દર્શાવે છે કોંગ્રેસની સરકાર હંમેશા મોંઘવારી કાબૂમાં રાખવામાં નિષ્ફળ રહી છે. યુ.પી.એ.-૨ વખતના એવરેજ મોંઘવારીનો દર ૧૧.૨% રહ્યો છે. યુ.પી.એ. સરકાર ગરીબી હટાવવાની વાત કરતી હતી, પરંતુ ગરીબી હટાવી ના શકતાં આયોજન પંચના માધ્યમથી દેશમાં ગરીબીની વ્યાખ્યા બદલી નાખી હતી, જે મુજબ રોજના ૩૨ રૂપિયા કમાતો હોય એ ગરીબ ના કહેવાય એવી વ્યાખ્યા રચી દીધી હતી.

**૪૦ કરોડ જનધન ખાતાં ખોલ્યા તેના કારણે ૪૩૭ યોજનાના ૧૩ લાખ કરોડ પાછલાં ૬ વર્ષમાં સીધા લાભાર્થીનાખાતામાં આવ્યા**

ગરીબીની મજાક ઉડાવતા કોંગ્રેસના કલોન પ્રિન્સ દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે ગરીબી એ મનની અવસ્થા છે. સ્વ. રાજીવ ગાંધી કહેતા હતા કે કેન્દ્રમાંથી અમે ૧ રૂપિયો મોકલીએ છીએ તો લાભાર્થી સુધી માત્ર ૧૫ પૈસા જ મળે છે. જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં પૂરેપૂરો ૧ રૂપિયો લાભાર્થીને મળે છે. સરકારે ૪૦ કરોડ જનધન ખાતાં ખોલ્યા તેના કારણે ૪૩૭ યોજનાના ૧૩ લાખ કરોડ પાછલાં ૬ વર્ષમાં સીધા લાભાર્થીનાખાતામાં આવ્યા છે. કોરોનાકાળમાં ૨૦ કરોડ મહિલાના ખાતામાં ૨૦૦૦૦ કરોડ હોય કે કિસાન સન્માન નિધિના સીધા એકાઉન્ટમાં આપવાનું ત્યારે જ શક્ય બન્યું છે. સરકાર દ્વારા પાછલા વર્ષમાં સૌથી વધુ ૧૦૦૦૦ કિલોમીટરના હાઈવે બનાવ્યા છે તથા આયુષ્માન ભારત યોજના હેઠળ ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર, જેમાં અત્યાર સુધીમાં ૧.૩ કરોડ કરતાં વધારે લોકોએ લાભ લીધો છે, તથા ૨.૫ કરોડ ગરીબ પરિવારોને ઘરની ચાવી આપવામાં આવી છે.

મોદી સરકાર દ્વારા જ કોરોનાના સમયગાળા દરમ્યાન ૨૬૫૦૦૦ કરોડ રૂપિયા ફાળવીને દેશના ૮૧ કરોડ લોકોને ૮ મહિના માટે મફત અનાજ પૂરું પાડવામાં આવ્યું, જે વિશ્વની અત્યાર સુધીની સૌથી મોટી અન્ન વિતરણ વ્યવસ્થા છે. ભારત સરકાર દ્વારા વિશ્વની સૌથી મોટી વેક્સિનેશન ડ્રાઈવ અંતર્ગત અત્યાર સુધીમાં ૩.૬૪ કરોડ કરતાં વધારે વેક્સિનના ડોઝ પણ વિનામૂલ્યે નાગરિકોને આપવામાં આવ્યા છે. તથા ૨૦૨૧-૨૦૨૨ના બજેટમાં કોરોના વાઈરસની રસી માટે ૩૫૦૦૦ કરોડ અલગથી ફાળવ્યા છે. સાથે સાથે સ્વાસ્થ્ય-સુવિધા માટે પણ ૨.૨૩ લાખ કરોડ ૨૦૧૧-૨૦૧૨ના બજેટમાં ફાળવ્યા છે. આવી તો અનેક કલ્યાણકારી યોજનાઓ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી એન.ડી.એ. સરકારે શરૂ કરી છે.



**डॉ. श्यामाप्रसाद मुखरजी**

स्थापक : भारतीय जनसंघ

जो राष्ट्र
उसकी अपनी उपलब्धियों का
गर्व न कर सकें
या उनसे प्रेरणा न ले,
वह राष्ट्र अपना वर्तमान
या भविष्य का निर्माण
नहीं कर सकता ।
दुर्बल राष्ट्र
कभी महान नहीं बन सकता ।

(प्रथम महाअधिवेशन – जनसंघ,
दिल्ही : २१–१०–१९५२)

दिन जाते देर नहीं लगती,
देखते–देखते ओर एक वर्ष बीत गया,
आपका विश्वास, हमारा प्रयास,
कालिमा छँटने लगी है,
निराश मन में आशा जगी है,
सभी सपने साकार करना है;
मिलकर रास्ता पार करना है;
आइए, संकल्प को दोहराएँ
नई सदी को भारत की सदी बनाएँ ।



**श्री अटलबिहारी वाजपेयी**

प्रथम अध्यक्ष – भारतीय जनता पार्टी

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# ૨૩ માર્ચ : શહીદ દિવસ



## શતશત નમન

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.